RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 12-05-2026 I VOL : 12 I Issue : 56 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**


ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે... અને, ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે...

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  "જો જૂની મદદ આપીશ તો અત્યારે મળે છે એનાથી પણ અડધું થઈ જશે!" : PM મોદી

4  યુવાન દંપતિઓને પીએનડી નામની નવી માનસિક વ્યાધિ વળગી !

6  ધી પોર્ટલ ઓફ ફોર્સ ફિલ્મથી દિશા પટાણીનું હોલિવુડમાં ડેબ્યૂ

7  IPLમાં RCBના કોચને ચોથા અમ્પાયર સાથે ઝઘડવું ભારે પડ્યું

## એક નજર...

### Gold Gala 2026માં છવાઈ પ્રિયંકા ચોપરા



ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં ગોલ્ડ ગાલા 2026માં હાજરી આપી હતી.

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં ગોલ્ડ ગાલા 2026માં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં તે એકદમ ગ્લેમરસ લાગી રહી હતી. તેણે 20 વર્ષ જૂની ચિકનકારી સાડીમાંથી બનાવેલો અનોખો ડ્રેસ પહેર્યો હતો અને તેના ગ્લેમરસ લુકથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું.

## NEWS TRACK

### ટ્રમ્પે યુદ્ધ રોકવા માટે ઈરાનનો પ્રસ્તાવ ફગાવ્યો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધો છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું, 'મેં ઈરાનના પ્રતિનિધિઓનો જવાબ વાંચ્યો. મને તે બિલકુલ ના ગમ્યો. તેને સ્વીકારી શકાય નહીં.' આ પહેલા પણ ટ્રમ્પે ઈરાન પર રમત રમવાનો આરોપ લગાવ્યો હતો. ઈરાની સરકારી મીડિયા અનુસાર, તેહરાને રવિવારે પાકિસ્તાન દ્વારા અમેરિકાને પોતાનો નવો પ્રસ્તાવ મોકલ્યો. રિપોર્ટ અનુસાર, પ્રસ્તાવમાં યુદ્ધ સમાપ્ત કરવા, ફારસની ખાડી અને હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા, પ્રતિબંધો હટાવવા અને પરમાણુ કાર્યક્રમ પર વાતચીત કરવાની વાત કહેવામાં આવી હતી. અમેરિકાએ આ અઠવાડિયે ઈરાનને 14 મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો હતો. આ અંતર્ગત ઈરાનને ઓછામાં ઓછા 12 વર્ષ સુધી યુરેનિયમ સંવર્ધન રોકવું પડશે અને પોતાની પાસે રહેલું લગભગ 440 કિલો 60% એનરિચ્ડ યુરેનિયમ અમેરિકાને સોંપવું પડશે. તેના બદલામાં અમેરિકા પ્રતિબંધોમાં ઢીલ આપશે, ઈરાનની ફ્રીઝ કરાયેલી અબજો ડોલરની સંપત્તિઓ છોડશે, સાથે જ ઈરાની બંદરો પર લાગેલી નૌકાદળની નાકાબંધી હટાવશે.

### નેપાળમાં લેન્ડિંગ સમયે જ વિમાનના ટાયરમાં ભીષણ આગ લાગી, 289 મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

નેપાળની રાજધાની કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોમવારે સવારે એક મોટો વિમાન અકસ્માત થતા રહી ગયો હતો. ટર્કિશ એરલાઈન્સના એક વિમાનના ટાયરમાં લેન્ડિંગ દરમિયાન અચાનક આગ લાગી ગઈ હતી. જોકે, એરપોર્ટ પ્રશાસન અને ફાયર વિભાગની સતર્કતાને કારણે આગ પર તરત જ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો અને વિમાનમાં સવાર તમામ લોકો સુરક્ષિત છે. શું હતી સમગ્ર ઘટના? મળતી માહિતી મુજબ, ટર્કિશ એરલાઈન્સની ફ્લાઈટ TK 726 ઈસ્તાંબુલથી કાઠમંડુ આવી રહી હતી. જ્યારે વિમાન રનવે પર લેન્ડ કરી રહ્યું હતું ત્યારે તેના જમણી બાજુના લેન્ડિંગ ગિયર (ટાયર) માં આગ લાગી હતી અને જોતજોતામાં ધુમાડો નીકળવા લાગ્યો હતો. એરપોર્ટ સુરક્ષાના એસપી રાજકુમાર સિલાવલે પુષ્ટિ કરી છે કે ફાયર એન્જિનની મદદથી આગને બુઝાવી દેવામાં આવી છે. આ વિમાનમાં કુલ 278 મુસાફરો અને 11 ક્રૂ મેમ્બર્સ મળી કુલ 289 લોકો સવાર હતા. ખાસ વાત એ છે કે મુસાફરોમાં સંયુક્ત રાષ્ટ્ર (UN) ના કેટલાક ઉચ્ચ અધિકારીઓ પણ સામેલ હતા.




**આધ્યાત્મિકતા, પરમાણુથી લઈ ભારતની શક્તિ સુધીની વાતો ને અંતે હરહર મહાદેવનો નાદ**

# 'દુનિયાની કોઈ શક્તિ ભારતને દબાવી શકે નહીં': PM મોદી

## સોમનાથ મંદિરના પુનઃનિર્માણના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ-2026'માં સહભાગી થવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ પધાર્યા

સોમનાથ

પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથના સાનિધ્યમાં આજે ભક્તિ, શક્તિ અને રાષ્ટ્રીય ગૌરવનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સોમનાથ મંદિરના પુનઃનિર્માણના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ-2026'માં સહભાગી થવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ પધાર્યા હતા. સોમનાથ મંદિરના શિખર પર ઐતિહાસિક કુંભાભિષેક, મંદિરમાં જળાભિષેક અને વિશેષ પૂજા-અર્ચના કર્યા બાદ વાયુસેના દ્વારા સૂર્યકિરણ એર શો નિહાળ્યો હતો. સોમનાથના તમામ કાર્યક્રમ પૂર્ણ કરી પીએમ મોદી બપોરનું ભોજન લઈને 3:30 વાગ્યે વડોદરા જવા રવાના થયા. આ તકે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જેનું નામ 'સોમ' (ચંદ્ર) છે તેને કોઈ નષ્ટ કરી શકતું નથી. ભારત તેની આધ્યાત્મિક ચેતના અને અડગ સંકલ્પશક્તિના જોરે આજે વિશ્વ ફલક પર અજેય બની રહ્યું છે. વડાપ્રધાન મોદીએ આજે એક ઐતિહાસિક વિધિના સાક્ષી બની મંદિરના 90 મીટર ઊંચા શિખર પર 11 પવિત્ર તીર્થના જળથી કુંભાભિષેક કર્યો હતો. આ માટે ખાસ ક્રેનની મદદ લેવામાં આવી હતી. ત્યાર બાદ તેમણે સોમનાથ મહાદેવ મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ જળાભિષેક અને વિશેષ પૂજા-અર્ચના કરી હતી. આ સમયે મંદિર પરિસરમાં ભારતીય વાયુસેનાના ચેતક હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવતા વાતાવરણ દિવ્ય બની ગયું હતું. જનસભાને સંબોધતા વડાપ્રધાને આજના દિવસ (11 મે)નું ઐતિહાસિક મહત્વ સમજાવતા પોખરણ પરમાણુ પરીક્ષણને યાદ કર્યું હતું. તેમણે કહ્યું, આજે 11 મે છે, આજના જ દિવસે ભારતે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કરીને દુનિયાને પોતાની તાકાત બતાવી હતી. જ્યારે વિશ્વની શક્તિઓ ભારતને ઘેરવા માંગતી હતી, ત્યારે ભારતે ડગ્યા વગર 'ઓપરેશન શક્તિ' સફળ બનાવ્યું હતું. શિવની સાથે શક્તિની પૂજા એ આપણી પરંપરા છે, એટલે જ અમે ચંદ્રયાનના લેન્ડિંગ પોઈન્ટને પણ 'શિવ-શક્તિ' નામ આપ્યું છે.

## વડોદરામાં દેશવાસીઓને PM મોદીની અપીલ

### 'ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમ કરો, સ્કૂલમાં ઓનલાઈન ક્લાસ ચલાવો'

PM મોદીએ આજે વડોદરાના પ્રવાસ દરમિયાન વધુ એકવાર દેશવાસીઓને પેટ્રોલ-ડીઝલનો ઉપયોગ ઓછો કરવા અપીલ કરી છે. સરદારધામ-3નું લોકાર્પણ બાદ પ્રધાનમંત્રીએ સંબોધન દરમિયાન કહ્યું હતું કે, પહેલા કોરોનાનું સંકટ, પછી વૈશ્વિક આર્થિક પડકારો અને હવે પશ્ચિમ એશિયામાં વધતો તણાવની અસર દુનિયા પર પડી છે. તેમાંથી ભારત પણ બાકાત નથી. કોરોના મહામારી આ સદીનું સૌથી મોટુ સંકટ હતું. તો પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિ આ દશકની સૌથી મોટા સંકટમાંની એક છે. જ્યારે આપણે મળીને કોરોનાનો સામનો કરી લીધો તો આ સંકટને પણ પાર પાડી દઈશું. આ તમામ વિપરિત પરિસ્થિતિની સામાન્ય લોકો પર ઓછામાં ઓછી અસર થાય તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે. અત્યારે દેશને જનભાગીદારીની શક્તિની જરુર છે. આપણે ભારતના નાગરિક તરીકે આપણા કર્તવ્યને પ્રાથમિકતા આપવી પડશે. ભૂતકાળમાં જ્યારે જ્યારે પણ દેશ યુદ્ધની કે અન્ય સંકટમાંથી પસાર થયો છે ત્યારે સરકારની અપીલ પર દરેક નાગરિકે પોતાની જવાબદારી નિભાવી છે. આજે પણ જરુર છે કે આપણે સૌ સાથે મળીને આપણી જવાબદારી નિભાવીએ.દેશના સંશાધનો પર પડી રહેલા બોજને ઓછો કરીએ.

**સનસનાટી: જૈન મુનિ હનીટ્રેપ કાંડમાં પાક્કો ગુજરાતનો મહાધડાકો!**

# ષડયંત્રખોરો સાવધાન! મુનિને ફસાવવા રચાયું હતું કરોડોનું બ્લેકમેલિંગ સિન્ડિકેટ; મહાનગર મેટ્રોની તપાસમાં મોટા માથાઓના મુખૌટા ઉતરી ગયા!

અમદાવાદ | ખાસ પ્રતિનિધિ

જૈન શાસનની આસ્થા પર પ્રહાર કરનારા સાવધ થઈ જાય! જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજને હનીટ્રેપમાં ફસાવી, તેમની છબી ખરડવા અને કરોડો રૂપિયા ખંખેરવાનું જે ગંદું ખેલ ખેલાયું હતું, તેનો હવે પર્દાફાશ થયો છે. આ કોઈ સામાન્ય કેસ નથી, પણ પ્રભાવશાળી સંતોને નિશાન બનાવી સેટલમેન્ટના નામે દુકાન ચલાવતા એક સંગઠિત બ્લેકમેલિંગ સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે.

### હલફનામાએ હચમચાવ્યું: FIR ની નિયાત પર સવાલ!

આ કેસમાં ફરિયાદી કિરણ દોશી અને તેમની પત્નીના જે કથિત હલફનામા (એફિડેવિટ) સામે આવ્યા છે, તેણે સમગ્ર તપાસનો ગિયર બદલી નાખ્યો છે. આ દસ્તાવેજો ચીસો પાડીને કહી રહ્યા છે કે આ કેસમાં જે દેખાય છે તે સત્ય નથી, અને જે સત્ય છે તે અત્યંત બિહામણું છે.

શું આ FIR માત્ર દબાણ લાવવાનું હથિયાર હતી?

કરોડોની ઉઘરાણી પાછળ અસલી માસ્ટરમાઈન્ડ કોણ?

આ સવાલોએ આજે જૈન સમાજ અને પોલીસ બેડામાં ભારે હડકંપ મચાવ્યો છે.

હાર્દિક હુડિયા એન્ડ કંપની: આ નામો પર કેમ ઉઠી રહી છે આંગળી?

સૂત્રોના મતે, આ હાઈપ્રોફાઈલ કાંડમાં




હાર્દિક હુડિયા, જગત પારેખ, વિક્રમ સિંઘવી અને વિક્રમ બાફણા જેવા નામો ચર્ચાના ચગડોળે ચડ્યા છે. શું આ લોકો જ પડદા પાછળ રહીને આખી સ્ક્રિપ્ટ લખી રહ્યા હતા? તપાસનો ધમધમાટ તેજ થતા જ આ નામોમાં ફફડાટ વ્યાપ્યો છે. સત્ય બહાર આવતા જ અનેક સફેદપોશ ચહેરાઓ પરથી માસ્ક ઉતરી જવાની પુરેપુરી શક્યતા છે.

સત્ય બહાર આવતા જ બૌખલાટ: ધમકીઓનો ખેલ શરૂ!

જેમ જેમ મહાનગર મેટ્રો અને મીડિયા આ કેસના મૂળ સુધી પહોંચી રહ્યું છે, તેમ તેમ ષડયંત્રખોરોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે. અફવાઓ ફેલાવવી, મીડિયા પર દબાણ લાવવું અને તપાસને ગુમરાહ કરવાના પેતરા રચાઈ રહ્યા છે. પણ સાંભળી લેજો...

સત્યને ગળે ટૂંપો આપનારાઓ જાણી લે કે પત્રકારત્વના કેમેરા અને કલમ કોઈના દબાણ સામે ઝૂકશે નહીં. દરેક પાપનો હિસાબ જાહેરમાં થશે.

**— પવન માકન (ગ્રુપ એડિટર, મહાનગર મેટ્રો)**

જૈન સમાજમાં જ્વાળા: ધર્મના નામે ધંધો નહીં ચલાવવા દઈએ આ ઘટના બાદ સમગ્ર જૈન સમાજમાં રોષની લાગણી ફાટી નીકળી છે. સમાજના અગ્રણીઓ એકસૂરે કહી રહ્યા છે કે, સંતોની ગરિમા સાથે રમત રમનાર ગમે તેવો મોટો માણસ હોય, તેને છોડવામાં નહીં આવે. ધર્મની આડમાં ચાલતી ગંદી રાજનીતિનો અંત લાવવાનો સમય પાકી ગયો છે.

પાક્કો ગુજરાતના વેધક સવાલો:

1. શું પોલીસ આ બ્લેકમેલિંગ સિન્ડિકેટના છેલ્લા છેડા સુધી પહોંચશે?

2. કરોડોના સેટલમેન્ટની રમત રમનારા સફેદપોશ ગુંડાઓ જેલના સળિયા પાછળ જશે?

3. શું તપાસ એજન્સીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ફેલાયેલા આ નેટવર્કને તોડી શકશે?

સત્ય હજુ બાકી છે... જોતા રહો પાક્કો ગુજરાત અને મહાનગર મેટ્રોની ખાસ તપાસ!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## જાપાનીઝ ફેમિલી બિઝનેસનું મોડેલ ઈન્ડિયામાં અમલી બનશે

રાજકોટ

ફેમિલી બિઝનેસમાં વિશ્વમાં ટોચના ક્રમે રહેલા જાપાનના 84 વર્ષીય સલાહકાર અને જાપાન યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક્સના પ્રોફેસર તોશિયો ગોતો આજે પ્રથમ વખત ભારતમાં રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા. 1000 વર્ષથી વધુનો ઈતિહાસ ધરાવતા ઉદ્યોગોને માર્ગદર્શન આપતા આ જાપાની શૈક્ષણિક નિષ્ણાંતે આધુનિક ઈન્ડસ્ટ્રીઝના પિતા શિબુ સાવાની પ્રશંસા કરી હતી તો અમેરિકાના પ્રભાવ હેઠળ રહેતા લોકોની ટીકા કરી હતી. જ્યારે સુઝુકી અને બુલેટ ટ્રેનના નિર્માણમાં થયેલા જોડાણને આવકાર્યું હતું. આ તકે તેમણે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના બાલાજી વેફર્સ સહિતના 42 ફેમિલી બિઝનેસ ઓનર્સને માર્ગદર્શન આપ્યુ હતુ. કુલપતિએ જાપાનની પ્રખ્યાત યુનિવર્સિટી સાથે MoU કરી સ્ટુડન્ટ અથવા ફેકલ્ટી એક્સચેન્જનો પ્રસ્તાવ મૂક્યો હતો અને હાલ જે રીતે નેક્સ્ટ જનરેશન બિઝનેસ ડેવલપમેન્ટ માટે ફોરેન જઈ રહી છે તેવા સંજોગોમાં જાપાનીઝ બિઝનેસ મોડલને ભારતમાં સફળ બનાવવા માટેના પ્રયાસો કરવાની વાત કરી હતી.

તોશિયો ગોતોએ જણાવ્યું હતુ કે, મારો જન્મ 1942માં થયો છે. આ વર્ષે મારી 84મી એનિવર્સરી છે. છેલ્લા 26 વર્ષથી હું એકેડેમિક ફિલ્ડમાં છું. તેમણે જણાવ્યું કે, ઘણા લોકો અમેરિકાના પ્રભાવ હેઠળ છે. જેનો હું વિરોધી છું. અત્યાર સુધીમાં અનેક પેઢીઓથી ચાલી રહેલા ઉદ્યોગોને માર્ગદર્શન આપ્યું છે. જેમાં 1,000 વર્ષથી વધુ ઈતિહાસ ધરાવતા વ્યવસાયોનો પણ સમાવેશ થાય છે. જાપાનમાં જે રીતે લોકો એકબીજાને ફેમિલી બિઝનેસમાં મદદરૂપ થાય છે તે જ બાબતે મને ઈન્ડિયામાં જોવા મળી છે. જાપાન અને ઈન્ડિયામાં આધુનિક ઈન્ડસ્ટ્રીઝના પિતા શિબુસાવા છે.

## ટ્રક પાછળ ટેમ્પો ઘૂસી જતાં એક જ પરિવારના 4 લોકોના મોત, 5 ઘાયલ

આણંદ

આણંદ જિલ્લામાં તારાપુર-વટામણ હાઈવે પર આજે 11મેની વહેલી સવારે એક અકસ્માતની ઘટના ઘટી છે. ટ્રક પાછળ ટેમ્પો ઘૂસી જતાં એક જ પરિવારના 4 લોકોના મોત થયા છે, જ્યારે 5 શ્રમિકો ઘાયલ થયા છે.

તારાપુર-વટામણ હાઈવે પર ફતેપુરા ગામ પાસે આવેલા ગુજરાત ગેસ CNG પંપ નજીક ઉભેલી એક ટ્રક પાછળ સુપર કેરી ટેમ્પો ધડાકાભેર અથડાઈ હતી. આ ટેમ્પોમાં સવાર તમામ મુસાફરો શ્રમિકો હતા, જેઓ મધ્યપ્રદેશના અલિરાજપુર જિલ્લાના છોટી સરની ગામથી મજૂરીકામ અર્થે સૌરાષ્ટ્ર તરફ જઈ રહ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં ટેમ્પોમાં સવાર એક જ પરિવારના 4 સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 5 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વહેલી સવારના અંધારામાં સર્જાયેલો આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે ટેમ્પોના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો અને ધડાકા જેવો અવાજ સાંભળીને આસપાસના લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ટેમ્પોમાં સવાર શ્રમિકો લોહીલુહાણ હાલતમાં ફસાઈ ગયા હતા.

ગંભીર રીતે ઘાયલ થયેલા 5 લોકોને બહાર કાઢીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. 4 મૃતકોના ક્ષતવિક્ષત મૃતદેહને મહામહેનતે બહાર કાઢવામાં આવ્યાં હતા. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર તારાપુર-વટામણ હાઈવે પરનું આ સ્થળ વર્ષોથી 'અકસ્માત ઝોન' તરીકે ઓળખાય છે.

## હિંમતનગરના લક્ષ્મીપુરામાં વીજ કરંટથી ભાઈ-બહેન ખેડૂતોના મોત

હિંમતનગર

હિંમતનગર તાલુકાના લક્ષ્મીપુરા ગામે આજે સવારે વીજ કરંટ લાગવાથી બે ખેડૂતોના મોત થયા છે. ખેતરમાં કામ કરતી વખતે ટ્રેક્ટર ટ્રેલરને નીચા લટકતા વીજ તાર અડકતા કરંટ પ્રસર્યો હતો, જેમાં ભાઈ-બહેનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખેડૂત પરિવારના ચાર સભ્યો ખેતરમાં દિવેલાની ફોતરીની હેરફેર કરી રહ્યા હતા. આ સમયે ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનના નીચા તાર ટ્રેક્ટર ટ્રેલરને અડકતા ટ્રેક્ટરમાં વીજ કરંટ ફેલાયો હતો.

દુર્ઘટનામાં 40 વર્ષીય કાળુભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ અને 42 વર્ષીય સરોજબેન વિઠ્ઠલભાઈ પ્રજાપતિનું વીજ કરંટ લાગવાથી મૃત્યુ થયું હતું. જોકે, 36 વર્ષીય પ્રવિણકુમાર વિઠ્ઠલભાઈ પ્રજાપતિ અને 6 વર્ષીય વિવાન સુનિલકુમાર પ્રજાપતિનો આબાદ બચાવ થયો હતો.

બચી ગયેલા પ્રવિણકુમાર વિઠ્ઠલભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે, ખેતરમાં એરંડાની ફોતરી ભરીને ટ્રેક્ટરની ટ્રોલીમાં બીજી જગ્યાએ લઈ જતી વખતે ટ્રોલીને વીજ વાયર અડકતા આ દુર્ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં હિંમતનગર ગ્રામ્ય પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક ખેડૂતોમાં યુજીવીસીએલ (UGVCL) સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે વિસ્તારમાં નીચા લટકતા વીજ તાર અંગે અગાઉ અનેક રજૂઆતો કરવામાં આવી હતી, છતાં કોઈ સમારકામ કે કાર્યવાહી થઈ નહોતી. ખેડૂતો યુજીવીસીએલની બેદરકારીને કારણે બે નિર્દોષ ખેડૂતોના જીવ ગયા હોવાનું માની રહ્યા છે. ખેડાવાડા ગ્રામ પંચાયતના સદસ્ય નરેશભાઈ પટેલે જણાવ્યું કે, મૃતક કાળુભાઈએ પોતાના ખેતરમાં લટકતા વીજ વાયર અંગે લેખિત રજૂઆત કરી હતી. તેમણે ઉમેર્યું કે, અગાઉ પણ આ પ્રકારનો બનાવ બન્યો હતો જેમાં એક વ્યક્તિનું વીજ કરંટ લાગવાથી મોત થયું હતું.

## સરદાર પટેલ યુનિવર્સિટીમાં 56 બિન-શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી કરાશે

આણંદ

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીએ 56 બિન-શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી છે. યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં આ ભરતી પ્રક્રિયાને સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. આ નિમણૂકોથી યુનિવર્સિટીને નવું અને કાર્યક્ષમ મહેકમ મળશે. ભરતી પ્રક્રિયા અંતર્ગત સંવર્ગ મુજબ લેખિત પરીક્ષા (OMR પદ્ધતિ)નું આયોજન કરાયું હતું. પરીક્ષા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરીને ઉમેદવારોની રજૂઆતો ચકાસી અંતિમ આન્સર કી તૈયાર કરવામાં આવી હતી. ઉમેદવારોના ગુણ વેબસાઈટ પર જાહેર કરાયા હતા જેથી તેઓ સ્વયં ચકાસણી કરી શકે. અંતિમ તબક્કામાં, મેરિટના આધારે એક જગ્યા સામે ત્રણ ઉમેદવારોના અસલ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ અંતિમ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દ્વારા જુનિયર ક્લાર્ક કમ ટાઈપિસ્ટ, સિનિયર ક્લાર્ક, સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (ઈલેક્ટ્રોનિક્સ), સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટ, કમ્પાઉન્ડર (યુનિવર્સિટી હેલ્થ સેન્ટર), પંચ ઓપરેટર (જી. એચ. પટેલ કોમ્પ્યુટર સેન્ટર), મેસન (એસ્ટેટ), ગેસ્ટ હાઉસ એટેન્ડન્ટ (એસ્ટેટ), કોપી હોલ્ડર કમ ક્લાર્ક (યુનિવર્સિટી પ્રેસ), જુનિયર કમ્પોઝિટર (યુનિવર્સિટી પ્રેસ), હેલ્પર ટુ ક્યુરેટર (યુનિવર્સિટી મ્યુઝિયમ), વર્કશોપ મિકેનિક અને વાયરમેન જેવી વિવિધ જગ્યાઓ ભરવામાં આવી છે. જો ભવિષ્યમાં કોઈ જગ્યા ખાલી પડશે, તો પ્રતીક્ષા યાદી (Waiting List) મુજબના ઉમેદવારોને તક આપવામાં આવશે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલે આ બાબતે જણાવ્યું હતું કે, 'સરદાર પટેલ યુનિવર્સિટી હંમેશા નૈતિકતા અને ગુણવત્તામાં માને છે. લાંબા સમય બાદ થયેલી આ પારદર્શી ભરતીથી લાયક અને તેજસ્વી ઉમેદવારોને તક મળી છે.

### NCRBના રિપોર્ટમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા

# ગુજરાતમાં 23,934 લોકોના આકસ્મિક મોત

ગાંધીનગર

30 વર્ષીય યુવક મિત્ર સાથે વાતો કરતાં કરતાં જ ઢળી પડ્યો અને ગણતરીની સેકન્ડમાં પ્રાણપંખેરુ ઊડી ગયું, ક્રિકેટ રમતાં રમતાં યુવા ક્રિકેટરનું મેદાન પર જ મૃત્યુ થયું, એક યુવતી ગરબે ઘૂમી રહી હતી ને અચાનક જ બેહોશ થઈ ગઈ અને મોતને ભેટી. આવા ઘણાં કિસ્સા બની રહ્યા છે. ગુજરાતમાં ઓચિંતા મોતના કિસ્સામાં વધારો થયો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના રિપોર્ટ મુજબ, ગુજરાતમાં 3 હજારથી વધુ લોકોનું ઓચિંતું મૃત્યુ થયું છે જ્યારે આકસ્મિક મોતનો આંકડો પણ વધ્યો છે. રાજ્યમાં 23 હજારથી વધુ લોકોના આકસ્મિક મોત થયા છે.

ગુજરાતમાં વર્ષ 2023માં 23015 લોકોના આકસ્મિક મૃત્યુ થયા હતા જ્યારે વર્ષ 2024માં આકસ્મિક મૃત્યુનો આંક વધીને 23934 સુધી પહોંચ્યો હતો. એટલે 4 ટકાનો વધારો થયો હતો. આકસ્મિક મૃત્યુ દર 5.1 ટકા રહ્યો છે. પૂર સહિત કુદરતી આફતોને લીધે 144 લોકોએ જીવ ગુમાવ્યા છે.

રોડ અકસ્માતને લીધે સૌથી વધુ 7717 લોકોએ જાન ગુમાવ્યા છે જ્યારે હાર્ટ એટેકથી 3253 જણાના મૃત્યુ થયા છે. તળાવ, ઘોધ, નદી સહિત સરોવરમાં ડૂબી જતાં કુલ મળીને 1999 લોકોએ જિંદગી ગુમાવવી પડી છે. 3336 લોકોનું ઓચિંતું મૃત્યુ થયું છે.

ચોંકાવનારી વાત તો એ છે કે, 574 સ્ત્રી-પુરૂષોનું મૃત્યુ રહસ્યમય બની રહ્યું છે કેમકે, કેવી રીતે મૃત્યુ થયું તેનું કારણ જાણવા મળી શક્યું નથી. કારણ વિનાનું મૃત્યુ પણ ચિંતાનો વિષય બની રહ્યો છે. રેલ્વે ટ્રેક પર અને ક્રોસિંગ કરતાં કુલ 870 લોકોનું મોત થયું છે.

રાજ્યમાં વિજકરંટે પણ 982નો ભોગ લીધો હતો. સાપ કરડતાં 240 લોકોએ જીવ ગુમાવ્યો હતો. છેલ્લાં બે-ત્રણ વર્ષથી ગુજરાતમાં અતિભારે વરસાદને લીધે પૂરની પરિસ્થિતિ પરિણમી છે જેના લીધે પૂરમાં તણાઈ જવાથી 39 લોકોના મૃત્યુ થયા હતા. મકાન અને બ્રિજ અચાનક ધરાશાયી થતાં 118ના મોત થયા હતા. અતિશય ઠંડીને લીધે પણ 18 જણાએ જીવ ગુમાવ્યો હતો. જ્યારે હીટસ્ટ્રોકથી 15ના મૃત્યુ થયા હતા.

વડોદરામાં અવાર નવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં મકરપુરા ડેપોથી જામ્બુવા તરફ જતા રોડ વચ્ચે કારચાલક અને સાઈકલ ચાલક વચ્ચે ટક્કર થતા સાઈકલ ચાલક 10 ફૂટ હવામાં ફંગોળાયો છે, જેનો સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. આ બનાવમાં ઈજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ બનાવ માંજલપુર પોલીસ મથક હદ વિસ્તારમાં બન્યો છે. જ્યાં સાઈકલ ચાલક ડિવાઈડર કૂદાવવા માટે સીધો રોડ વચ્ચે જતો સીસીટીવી ફૂટેજમાં નજરે પડે છે.

ગુજરાતમાં વર્ષ 2023માં 23015 લોકોના આકસ્મિક મૃત્યુ થયા હતા જ્યારે વર્ષ 2024માં આકસ્મિક મૃત્યુનો આંક વધીને 23934 સુધી પહોંચ્યો હતો



### એસ.ટી. વિભાગનું આયોજન

## વડાપ્રધાનના કાર્યક્રમ માટે ડેપો દ્વારા 34 બસોની ફાળવણી કરાઈ

સામાન્ય રીતે મુસાફરોને મુશ્કેલી ન પડે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી

વડોદરા

વડાપ્રધાનના સોમનાથના કાર્યક્રમ માટે ગાંધીનગર ડેપોની 34 બસો મોકલવામાં આવશે. આ નિર્ણયથી સ્થાનિક અને ગ્રામીણ મુસાફરોને તકલીફ ન પડે તે માટે એસ.ટી. વિભાગે ખાસ આયોજન કર્યું છે. અન્ય ડેપોમાંથી પણ બસો ફાળવવામાં આવી છે જેથી નિયમિત સેવાઓ ચાલુ રહે.

વડાપ્રધાન આગામી સમયમાં ગુજરાતની મુલાકાતે આવવાના છે. સોમનાથમાં યોજાનારા મોટા કાર્યક્રમમાં લોકોને પહોંચાડવા માટે એસ.ટી. વિભાગે તૈયારીઓ કરી છે.

આ હેતુ માટે ગાંધીનગર ડેપોની 34 બસોને સોમનાથ મોકલવાનો નિર્ણય લેવાયો છે. તંત્ર દ્વારા એ બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે કે આટલી સંખ્યામાં બસો અન્ય કામે જવાથી સ્થાનિક અને ગામડાના રૂટ પર અસર ન થાય. સામાન્ય રીતે મુસાફરોને મુશ્કેલી ન પડે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અત્યારે ગાંધીનગર ડેપો શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બસ સેવા ચલાવે છે. ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે અવરજવર કરતા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ આ બસોનો ઉપયોગ કરે છે.

### હર્ષ સંઘવીની કોર્પોરેટરોને 'કાનપટ્ટી'

# "પદનો ભાર મગજમાં ન રાખતા, 5 વર્ષ પછી જનતા હિસાબ લેશે"

સુરત

સુરતના મજૂરા વિધાનસભા વિસ્તારમાં આયોજિત 'જનસેવા સાથે ઉપહાર વિતરણ' કાર્યક્રમમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીનું એક અલગ જ રૂપ જોવા મળ્યું હતું. તેમણે નવા ચૂંટાયેલા કોર્પોરેટરોને રાજકીય શિષ્ટાચારના પાઠ ભણાવતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, સત્તા કાયમી નથી, માટે પ્રજા સાથે નમ્રતાથી વર્તજો.

પોતાના સંબોધનમાં હર્ષ સંઘવીએ નવનિયુક્ત કોર્પોરેટરોને ટાંકતા જણાવ્યું કે, 'કોર્પોરેટર બન્યાનો ભાર મગજમાં રાખીને નાગરિકો સાથે ક્યારેય તોછડાઈભર્યું વર્તન ન કરતા. મારા જેવા અનેક લોકો પદ પર આવ્યા અને ગયા છે.



યાદ રાખજો, આજે તમે જે ખુરશી પર બેઠા છો તેનો ૫ વર્ષ પછી જનતા હિસાબ માંગશે.'

કાર્યક્રમ દરમિયાન હર્ષ સંઘવીની ઉદારતા અને સેવા ભાવનાએ સૌના દિલ જીતી લીધા હતા. જનતા અને કાર્યકર્તાઓ તરફથી તેમને જે ફૂલહાર, સ્મૃતિચિહ્નો અને ભેટ-સોગાદો મળી હતી, તે તેમણે પોતાની પાસે રાખવાને બદલે ફરી જનતાના ચરણોમાં અર્પણ કરી દીધી હતી. તેમણે સંદેશ આપ્યો કે નેતા એ જનતાનો સેવક છે, માલિક નહીં.

સત્તાના હોદ્દા કરતા જનતા સાથેનો સંબંધ વધુ કિંમતી છે.

પાંચ વર્ષના શાસન બાદ પ્રજાની વચ્ચે જવાનું છે, એટલે કામ બોલવું જોઈએ.

પદની ગરિમા જાળવો પણ અહંકારને મગજમાં ન ચડવા દો.

'રાજકારણમાં નેતાની ઓળખ તેના પદથી નહીં પણ તેના વ્યવહારથી થાય છે. હર્ષ સંઘવીએ જે રીતે કોર્પોરેટરોને અરીસો બતાવ્યો છે, તે સુરતના રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો છે.'

### વેટરનરી ડોક્ટરની 18 ટીમે કરી પક્ષીઓની તપાસ

## બર્ડ ફ્લૂના સંકટને ટાળવા માટે પશુપાલન વિભાગે કર્યો સરવે..!

ગાંધીનગર

મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂના કેસ આવ્યા બાદ ગાંધીનગર પશુપાલન વિભાગ હરકતમાં આવ્યું છે. જિલ્લામાં વેટેનરી ડોક્ટરની 18 ટીમો બનાવીને પક્ષીઓના સ્વાસ્થ્યની તપાસ માટે મોટો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના બારામતીમાં બર્ડ ફ્લૂની અસર દેખાતા તેની સીધી અસર ગાંધીનગરમાં જોવા મળી છે. ગાંધીનગરનું પશુપાલન વિભાગ આ ખતરાને રોકવા માટે સજ્જ થયું છે.

સ્થાનિક સ્તરે રોગચાળો ન ફેલાય તે હેતુથી તંત્ર દ્વારા કામગીરી તેજ કરવામાં આવી છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે પશુ ચિકિત્સકોની કુલ 18 ટીમો તૈયાર કરવામાં આવી છે. આ ટીમો ગાંધીનગરના અલગ-અલગ વિસ્તારોમાં જઈને પક્ષીઓનું નિરીક્ષણ કરી રહી છે.

આ સર્વેનો મુખ્ય હેતુ પક્ષીઓમાં જોવા મળતા કોઈ પણ અસામાન્ય ફેરફાર કે બીમારીની વહેલી જાણકારી મેળવવાનો છે. ગાંધીનગરના પશુપાલન



અધિકારીઓ દ્વારા મરઘાં ઉછેર કેન્દ્રો અને પક્ષીઓ રાખતા સ્થળો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. દરેક ટીમ પોતાના નિશ્ચિત કરેલા વિસ્તારમાં પક્ષીઓના સેમ્પલ અને સ્વાસ્થ્યની વિગતો મેળવી રહી છે. જો કોઈ પણ પક્ષીમાં બીમારીના લક્ષણ જણાય, તો તેની જાણ તુરંત મુખ્ય કચેરીએ કરવા સૂચના અપાઈ છે. અત્યારે તંત્ર દ્વારા આખા જિલ્લામાં સાવધાની રાખવામાં આવી રહી છે જેથી સ્થિતિ કાબૂમાં રહે. ગભરાટ વગર લોકો પણ તંત્રને સહકાર આપે તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે.

## જિલ્લા વહીવટી તંત્રમાં 35 ના. મામલતદારોની બદલી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂરી થયા બાદ વહીવટી તંત્રમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરે 35 નાયબ મામલતદારોની અલગ-અલગ વિભાગોમાં બદલી કરી છે. આ અધિકારીઓ અત્યાર સુધી ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ સરકારી તંત્રમાં મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર દ્વારા 35 નાયબ મામલતદારોની બદલીના આદેશ આપવામાં આવ્યા છે. અગાઉ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામમાં આ વર્ગ-3 ના અધિકારીઓની ખાસ નિમણૂક કરવામાં આવી હતી. ચૂંટણીનું જાહેરનામું બહાર પડ્યું ત્યારથી લઈને મતદાન અને પરિણામ સુધી આ તમામ કર્મચારીઓ ચૂંટણીની ફરજ પર હતા. ચૂંટણીનું કામ પૂરું થતા આ અધિકારીઓએ જિલ્લા કચેરીમાં રિપોર્ટ કર્યો હતો.

### ફાયરની કામગીરી ઝડપી બનશે

## નર્મદા નહેરમાં ડૂબતા લોકોને શોધવા માટે રોબોટ પાણીમાં ઉતારવામાં આવશે

નર્મદા

ગાંધીનગરની કેનાલો અને નદીઓમાં ડૂબી જવાની ઘટનાઓ સમયે મૃતદેહ કે વ્યક્તિને શોધવા માટે હવે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થશે. ગાંધીનગર મહાનગરપાલિકાએ અન્ડર વોટર રોબોટ (ROV) ખરીદવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ મશીન 200 મીટરની ઊંડાઈ સુધી જઈને કામ કરી શકશે, જેનાથી ફાયર બ્રિગેડની કામગીરી ઝડપી બનશે. ગાંધીનગર જિલ્લામાં નર્મદાની મુખ્ય નહેર અને સાબરમતી નદી આવેલી છે. આ પાણીના સ્ત્રોતોમાં લોકોના ડૂબવાની અથવા આપઘાત કરવાની ઘટનાઓ વારંવાર બને છે. ગણેશ વિસર્જન દરમિયાન અથવા અન્ય દિવસોમાં પણ સંત સરોવર અને નદીઓમાં લોકો પાણીમાં ગરકાવ થઈ જાય છે. આવી સ્થિતિમાં ગાંધીનગર ફાયર બ્રિગેડ પાસે આખું વર્ષ બચાવ કામગીરી માટેના અનેક ફોન આવે છે. હાલમાં જ્યારે કોઈ વ્યક્તિ પાણીમાં ડૂબે છે, ત્યારે ફાયર વિભાગના તરવૈયાઓ પોતે નદી કે કેનાલમાં ઉતરીને તપાસ કરે છે. ઘણી વખત આ શોધખોળ બે દિવસ સુધી સતત ચલાવવી પડે છે. આ કામને વધુ ઝડપી બનાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ હવે વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદ લેવાનું નક્કી કર્યું છે. પાલિકા દ્વારા ખાસ પ્રકારના અન્ડર વોટર રોબોટ ખરીદવામાં આવશે. આ રોબોટના આગમન માટે હાલમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ મશીનને પાણીની અંદર રિમોટથી ચલાવી શકાશે. આ રોબોટ પાણીના તળિયે જઈને ત્યાંની સ્થિતિ જોઈ શકશે અને વ્યક્તિ કે મૃતદેહ કઈ જગ્યાએ છે તેનું ચોક્કસ સ્થાન જણાવશે. આ સાધન મળવાથી ફાયર બ્રિગેડના કર્મચારીઓને સીધું લોકેશન મળશે અને તેમની મહેનત ઘટશે. આ ઉપકરણની ક્ષમતાની વાત કરીએ તો, તે પાણીમાં 200 મીટરની ઉંડાઈ સુધી જઈને સર્ચ ઓપરેશન કરી શકે છે. આ મશીનમાં અંધારામાં જોવા માટે એલઈડી લાઈટ અને વસ્તુઓને ઓળખવા માટે સેન્સર લગાવવામાં આવ્યા છે.

### સમયસર પઝેશન ન મળવા સહિતની ફરિયાદ સામે ગ્રાહકોની બિલ્ડરો વિરુદ્ધ રેરામાં રાવ

## નબળા બાંધકામની સમસ્યા સામે લોકો લડતના મૂડમાં

ગાંધીનગર

ગાંધીનગર રિયલ એસ્ટેટ ક્ષેત્રે બિલ્ડરો,પ્રમોટરો અને એજન્ટો સામે ગ્રાહકોનો રોષ આસમાને પહોંચ્યો છે,જેનો પુરાવો રેરા (RERA)માં નોંધાતી સતત વધતી ફરિયાદો છે,આજકાલ પોતાનું ઘર કે પ્લોટ ખરીદનાર સામાન્ય માણસ માટે બિલ્ડરો અને એજન્ટોના વાયદાઓ માથાનો દુખાવો બની રહ્યા છે. પરંતુ હવે સમય બદલાયો છે અને ગ્રાહકો પોતાના હક માટે અવાજ ઉઠાવતા થયા છે.

વર્ષ 2024 થી 2026 ના આંકડાઓ પર નજર કરીએ તો સમજાશે કે લોકો હવે બિલ્ડરોની છેતરપિંડી સામે રેરા (RERA) ના શરણે જઈ રહ્યા છે. વર્ષ 2024માં કુલ 202 ફરિયાદો નોંધાઈ હતી, જેમાંથી 81 લોકોએ ઓનલાઈન અને 121 લોકોએ રૂબરૂ જઈને ફરિયાદ કરી હતી.



જોકે, વર્ષ 2025માં આ ટ્રેન્ડ બદલાયો અને કુલ 147 ફરિયાદોમાંથી ઓનલાઈન ફરિયાદ કરનારાઓની સંખ્યા 79 થઈ જ્યારે ઓફલાઈન 68 રહી.વર્ષ 2026ના માત્ર પહેલા જ મહિનામાં અત્યાર સુધીમાં 10 નવી ફરિયાદો નોંધાઈ ચૂકી છે, જેમાં 7 ઓનલાઈન અને 3 ઓફલાઈન ફરિયાદોનો સમાવેશ થાય છે.

આ ફરિયાદો પાછળના કારણો તપાસતા માલૂમ પડે છે કે, ગ્રાહકો મુખ્યત્વે સમયસર પઝેશન ન મળવાને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ઘણા કિસ્સામાં બિલ્ડરોએ પ્રોજેક્ટના બ્રોશરમાં લક્ઝરી સુવિધાઓના મોટા-મોટા વચનો આપ્યા હોય છે, પરંતુ વાસ્તવમાં પ્રોજેક્ટમાં ખોટી માહિતી આપી ગ્રાહકોને છેતરવામાં આવે છે. આ ઉપરાંત, બાંધકામની ગુણવત્તામાં ગંભીર ખામીઓ હોવી, નક્કી કરેલા ભાવ કરતા વધારાના પૈસાની માંગણી કરવી અને રેરામાં નોંધણી કરાવ્યા વગર જ પ્રોજેક્ટનું વેચાણ કરી દેવા જેવી બાબતો ગ્રાહકોની મુશ્કેલી વધારી રહી છે.

જો કોઈ બિલ્ડર ગ્રાહકને આપેલા વચનો પૂરા નથી કરતો, તો રેરા કાયદા હેઠળ ગ્રાહક પાસે ફરિયાદ કરવાનો પૂરો હક છે,જે રીતે વર્ષ 2026ના પ્રારંભે જ ફરિયાદોનો ધસારો જોવા મળ્યો છે, તે જોતા આગામી સમયમાં બિલ્ડરોએ પોતાની કાર્યશૈલી સુધારવી પડશે અથવા તો દંડ ભોગવવા તૈયાર રહેવું પડશે.

### ગુડાના 14 ગામના ગટરના કામ ખાનગી સંસ્થાને સોંપાયા

## રૂપિયા 6.50 કરોડના ખર્ચે નવા જોડાણની જવાબદારી

ગાંધીનગર

ગુડા દ્વારા 14 ગામો અને ટાઉન પ્લાનિંગ સ્કીમમાં ગટર વ્યવસ્થાના સંચાલન માટે એક એજન્સીની નિમણૂક કરવામાં આવી છે. 6.50 કરોડના ખર્ચે સાથે આ સંસ્થા જૂની લાઈનોનું સમારકામ કરશે અને નવા જોડાણો આપશે. લોકોની મદદ માટે હેલ્પલાઈન પણ શરૂ કરાશે. પાટનગરની આસપાસના વિસ્તારો અને ગુડા હેઠળ આવતી ટાઉન પ્લાનિંગ સ્કીમમાં ગંદા પાણીના નિકાલ માટેની કામગીરી હવે ખાનગી સંસ્થા સંભાળશે. તંત્ર દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ, 14 ગામોમાં ગટર લાઈનના કામ માટે એજન્સી નક્કી કરી દેવામાં આવી છે. આ આખા પ્રોજેક્ટ પાછળ 6.50 કરોડથી વધુ રકમ વાપરવામાં આવશે. જે ગામોમાં આ વ્યવસ્થા અમલી બનશે તેમાં પાલજ, પ્રાતિયા, સરઢવ, રૂપાલ, સોનીપુર, પીપળજ, દોલારાણા વાસણા, શાહપુર, પીરોઝપુર, વલાદ, આલમપુર, લેકાવાડા, ડભોડા અને ઉવારસદનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં આવેલી જૂની ગટર લાઈનોનું સમારકામ, તેની જાળવણી અને નવી લાઈન નાખવાની જવાબદારી જે-તે સંસ્થાની રહેશે. ગટર વ્યવસ્થામાં કોઈ રુકાવટ ન આવે તે રીતે સતત નિભાવ કામગીરી કરવાની રહેશે. તંત્રના અધિકારીઓના જણાવ્યા મુજબ, પસંદ થયેલી એજન્સી જ આ તમામ વિસ્તારોમાં ગટરના નવા કનેક્શન આપવાની કામગીરી કરશે.

## વડાપ્રધાનનો તેલંગાણાના CMને 'ગુજરાત મૉડેલ' સ્ટાઈલમાં વળતો પ્રહાર

# "જો જૂની મદદ આપીશ તો અત્યારે મળે છે એનાથી પણ અડધું થઈ જશો!" : PM મોદી

- રેવંત રેડ્ડીએ ગુજરાત જેવી મદદ માંગી, પીએમ મોદીએ UPA શાસનમાં ગુજરાત સાથે થયેલા અન્યાયની યાદ અપાવી દીધી
- PM મોદીનો 'માસ્ટરસ્ટ્રોક' જવાબ: "મારી સાથે ચાલશો તો જ ફાયદો થશે"
- "UPA ના સમયમાં ગુજરાતને કેટલા અવરોધોનો સામનો કરવો પડ્યો હતો એ ઈતિહાસ સાક્ષી છે : મોદી



હૈદરાબાદ

તેલંગાણામાં એક સરકારી કાર્યક્રમ દરમિયાન રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. મંચ પર કોંગ્રેસી મુખ્યમંત્રી રેવંત રેડ્ડી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામસામે હતા. વિકાસની વાતો વચ્ચે જ્યારે રેવંત રેડ્ડીએ 'ગુજરાત મોડેલ' અને UPA સરકારનો ઉલ્લેખ કર્યો, ત્યારે પીએમ મોદીએ પોતાની આગવી શૈલીમાં એવો જવાબ આપ્યો કે આખું મેદાન તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠ્યું હતું.

રેવંત રેડ્ડીની માંગ: 'અમને ગુજરાત જેવી મદદ કરો'

કાર્યક્રમમાં સંબોધન કરતા તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડીએ પીએમ મોદીને વિનંતી કરતા કહ્યું કે, 'જ્યારે તમે ગુજરાતના સીએમ હતા ત્યારે ગુજરાત મોડેલ બનાવવા માટે તત્કાલીન UPA સરકારે જે પ્રકારે ઉદારતાથી મદદ કરી હતી, તેવી જ મદદ હવે તમારે તેલંગાણાના વિકાસ માટે કરવી જોઈએ. અમે પણ તેલંગાણાને તેટલું જ વિકસિત બનાવવા માંગીએ છીએ.'

પીએમ મોદીનો 'માસ્ટરસ્ટ્રોક' જવાબ: 'મારી સાથે ચાલશો તો જ ફાયદો થશે' જ્યારે પીએમ મોદીના સંબોધનનો વારો આવ્યો, ત્યારે તેમણે અત્યંત ચતુરાઈ અને તથ્યો સાથે જવાબ આપતા કહ્યું:

'મુખ્યમંત્રીજી, તમે UPA સરકારની મદદની વાત કરી, પણ મને ગુજરાતમાં UPA સરકારે જે આપ્યું હતું એટલું જો હું આજે તેલંગાણાને આપવા જઈશ, તો અત્યારે તેલંગાણાને જે કેન્દ્રીય મદદ મળે છે એમાંથી પણ અડધું થઈ જશો! જો હું એ રસ્તે ચાલ્યો તો તમે જ્યાં પહોંચવા માંગો છો ત્યાં ક્યારેય નહીં પહોંચી શકો.'

પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, 'UPA ના સમયમાં ગુજરાતને કેટલા અવરોધોનો સામનો કરવો પડ્યો હતો એ ઈતિહાસ સાક્ષી છે. એટલે સારું એ જ રહેશે કે જૂની વાતો છોડીને મારી સાથે ખભેખભા મિલાવીને ચાલતા રહો, તો જ તેલંગાણાનો ઝડપી વિકાસ શક્ય છે.'

પીએમ મોદીના આ નિવેદને સ્પષ્ટ કરી દીધું છે કે વર્તમાન કેન્દ્ર સરકાર રાજ્યોને પક્ષપાત વગર પહેલા કરતા વધુ ફંડ આપી રહી છે. રેવંત રેડ્ડીના 'ગુજરાત કાર્ડ' સામે પીએમ મોદીએ 'ડેવલપમેન્ટ કાર્ડ' રમીને કોંગ્રેસને આઈનો બતાવી દીધો છે.

## મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીનો મોટો નિર્ણય

# બંગાળમાં મધ્યરાત્રિએ 'વહીવટી સર્જિકલ સ્ટ્રાઈક'

કોલકાતા

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન સાથે જ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્યના વહીવટી તંત્રને સાફ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. શપથ લીધાના ૨૪ કલાક પણ વીત્યા નથી ત્યાં જ મુખ્યમંત્રીએ મધ્યરાત્રિએ એક વિશાળ 'વહીવટી સર્જિકલ સ્ટ્રાઈક' કરતા ૪૦થી વધુ ટોચના IPS અધિકારીઓ અને જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) ની તાત્કાલિક અસરથી બદલી કરી દીધી છે.

**જૂના શાસનના વફાદાર 40થી વધુ IPS અને કલેક્ટરોની એકઝટકે બદલી**

ખાનગી સેના તરીકે કામ કરતા અધિકારીઓ પર તરાપ

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એ જ અધિકારીઓ છે જેઓ અગાઉના શાસન પ્રત્યે અત્યંત વફાદાર માનવામાં આવતા હતા. રાજકીય વિશ્લેષકો આ પગલાને અનિવાર્ય ગણાવી રહ્યા છે. ભારતીય અમલદારશાહીની આ એક વરવી વાસ્તવિકતા છે કે પોલીસ અને વહીવટી તંત્ર ઘણીવાર બંધારણને બદલે શાસક પક્ષના ઈશારે 'ખાનગી સેના'ની જેમ કામ કરવા લાગે છે.

કેમ લેવાયો આ સખત નિર્ણય?

નવી સરકારનું માનવું છે કે રાજ્યમાં લો એન્ડ ઓર્ડર અને લોકશાહીના મૂલ્યો પુન:સ્થાપિત કરવા માટે સમગ્ર પોલીસ બ્રાસને 'શુદ્ધ' કરવું જરૂરી છે.

* રાજકીય સ્થિરતા: સમાધાનકારી અને પક્ષપાતી અધિકારીઓ સાથે નવી સરકાર માટે જનહિતના કામો કરવા શક્ય નથી.

* વફાદારીમાં પરિવર્તન: સરકાર બદલાતા જ રાજ્યને સુરક્ષિત રાખવા માટે વહીવટીતંત્રનું નવું માળખું રચવું અનિવાર્ય બન્યું હતું.

* કડક સંદેશ: આ બદલીઓ દ્વારા મુખ્યમંત્રીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે માત્ર બંધારણનું શાસન ચાલશે, કોઈ પક્ષનું નહીં.

## બંગાળ હાઈપ્રોફાઈલ મર્ડર કેસ

# મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના PAની હત્યામાં 'ધનબાદ કનેક્શન'નો પર્દાફાશ!

### SITની તપાસમાં ચોંકાવનારો ખુલાસો : હત્યારાઓએ ઝારખંડના કર્મચારીની બાઈકનો નકલી નંબર વાપર્યો

કોલકાતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના પર્સનલ આસિસ્ટન્ટ (PA) ચંદ્રનાથ રથની સનસનીખેજ હત્યાના કેસમાં તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. આ હાઈપ્રોફાઈલ હત્યાના તાર હવે પાડોશી રાજ્ય ઝારખંડ સાથે જોડાયા છે. બંગાળ પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ તપાસ દરમિયાન શોધી કાઢ્યું છે કે હત્યારાઓએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે મોટું ષડયંત્ર રચ્યું હતું.

ચૂંટણી પરિણામો બાદ તરત જ થયેલી આ હત્યાની તપાસ માટે SIT ગઈકાલે રાત્રે ઝારખંડના ધનબાદ પહોંચી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે:

હત્યારાઓએ ગુનામાં જે બાઈકનો ઉપયોગ કર્યો હતો, તેના પર લાગેલો નંબર ધનબાદના એક રહેવાસી વિભાષ ભટ્ટાચાર્યની બાઈકનો હતો.

ગુનેગારોએ જાણીજોઈને વિભાષની બાઈકનો નંબર પોતાની બાઈક પર લગાવી દીધો હતો જેથી પોલીસ ધનબાદમાં અટવાયેલી રહે.

ધનબાદ પોલીસે જ્યારે કર્મચારી વિભાષ ભટ્ટાચાર્યની પૂછપરછ કરી અને તેમના ઘરની આસપાસના CCTV ફૂટેજ તપાસ્યા, ત્યારે સત્ય બહાર આવ્યું હતું. ઘટનાના સમયે વિભાષ પોતાની અસલી બાઈક સાથે ધનબાદમાં જ હાજર હતા, જે કેમેરામાં કેદ થઈ ગયું હતું. આ પુરાવાને આધારે પોલીસે વિભાષને ક્લીન ચિટ આપી દીધી છે અને હવે અસલી હત્યારાઓની શોધખોળ તેજ કરી છે. બંગાળ પોલીસની ટીમ અત્યારે ધનબાદમાં ધામા નાખીને બેઠી છે.

## રાહુલ ગાંધીનો PM મોદી પર આકરો પ્રહાર

# "જનતાને ત્યાગની અપીલ એ ઉપદેશ નહીં, સરકારની નિષ્ફળતાનો પુરાવો છે" : રાહુલ ગાંધી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએતેલંગાણાની રેલીમાં લોકોને તેલ, પેટ્રોલ અને સોનું ન ખરીદવા કરી હતી અપીલ

નવી દિલ્હી

દેશમાં વધતી જતી મોંઘવારી અને આર્થિક પડકારો વચ્ચે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ગઈકાલે તેલંગાણાની એક જંગી રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતાને દેશહિતમાં કેટલાક 'ત્યાગ' કરવાની અપીલ કરી હતી. જોકે, આ અપીલને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર આકરા પ્રહારો કરતા તેને સરકારની વહીવટી નિષ્ફળતા ગણાવી છે.

શું કહ્યું રાહુલ ગાંધીએ?

પીએમ મોદીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા



રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા અને મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન મોદી જનતાને ત્યાગ કરવાની અપીલ કરી રહ્યા છે. તેઓ કહે છે કે સોનું ન ખરીદો, વિદેશ ન જાઓ, પેટ્રોલ ઓછું વાપરો, ખાવામાં તેલનો ઉપયોગ ઘટાડો, મેટ્રોમાં ન જાઓ અને ઘરેથી કામ કરો. આ કોઈ દેશભક્તિનો ઉપદેશ નથી, પરંતુ આ સાબિત કરે છે કે સરકાર અર્થતંત્ર ચલાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે.'

ઉલ્લેખનીય છે કે, તેલંગાણામાં પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ વધતી જતી આયાત અને વિદેશી મુદ્રાના ખર્ચને રોકવા માટે જનતાને સંયમ રાખવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું હતું કે જો દેશવાસીઓ થોડો સમય પેટ્રોલ, તેલ અને લક્ઝરી વસ્તુઓનો વપરાશ ઘટાડે તો દેશ આર્થિક રીતે વધુ મજબૂત બની શકે છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો કે શું જનતા હવે પોતાની પાયાની જરૂરિયાતો જેવી કે 'તેલ' અને 'પેટ્રોલ' પર પણ કાપ મૂકે?

મધ્યમ વર્ગની હાલત: કોંગ્રેસનું કહેવું છે કે સરકાર પોતાની ભૂલોનો ભાર જનતાના માથે નાખી રહી છે.

વિકાસનો દાવો ક્યાં?: જો દેશ પ્રગતિ કરી રહ્યો છે, તો પછી જનતાને મેટ્રોમાં ન જવા કે તેલ ઓછું વાપરવા જેવી અપીલ કેમ કરવી પડે છે?

## "બધું દૈવી શક્તિએ કરાવ્યું" – પાખંડી અશોક ખરાતની નિર્લજ્જ કબૂલાત

# કેપ્ટન બાબાનો કાળો કરતૂત, 58 અશ્લીલ વીડિયો અને રૂા. 1500 કરોડનું સામ્રાજ્ય..!

મહારાષ્ટ્ર

અંધશ્રદ્ધા અને ભક્તિના ઓઠા હેઠળ આચરવામાં આવતા સૌથી મોટા સેક્સ અને મની લોન્ડરિંગ સ્કેમનો પર્દાફાશ થયો છે. 'કેપ્ટન બાબા' તરીકે ઓળખાતા સ્વયંભૂ પાખંડી અશોક ખરાતે ધર્મના નામે જે ખેલ ખેલ્યો છે, તે સાંભળીને ભલભલાની રુક્ષા ધ્રૂજી ઉઠશે. ભક્તોના વિશ્વાસનો બલિદાન આપીને આ બાબાએ માત્ર કામલીલા જ નથી આચરી, પણ અબજો રૂપિયાનું કાળું નાણું પણ ભેગું કર્યું છે.

તપાસમાં બાબાના મોબાઈલ અને લેપટોપમાંથી ૫૮ જેટલા અશ્લીલ વીડિયો મળી આવ્યા છે. ૧૫૦ થી વધુ પીડિત મહિલાઓ આ પાખંડીના શિકાર બની હોવાની આશંકા છે. ભક્તોના નામે ૧૦૦ થી વધુ નકલી બેંક ખાતા ખોલાવીને આશરે ૧૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ઊભી કરવામાં આવી છે. બાબાના સંબંધો અનેક મંત્રીઓ અને ધારાસભ્યો સાથે હોવાનું સામે આવ્યું છે, જેના કારણે તે અત્યાર સુધી કાયદાના સકંજામાંથી બચતો રહ્યો હતો.



આ કેસમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે સૌથી મહત્વપૂર્ણ સાક્ષી જીતેન્દ્ર શેલકેનું રહસ્યમય સંજોગોમાં મોત થયું. આ મોત પાછળ કોઈ મોટું કાવતરું છે કે કેમ તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. સાક્ષીના મોતથી આખા કેસને દબાવવાનો પ્રયાસ થયો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

જ્યારે પોલીસે આ કાળા કરતૂતો વિશે પૂછપરછ કરી, ત્યારે પાખંડી બાબાએ હસતા હસતા જવાબ આપ્યો કે, 'મેં કંઈ નથી કર્યું, જે કંઈ પણ થયું છે તે દૈવી શક્તિના ઈશારે થયું છે.' ધર્મના નામે ગંદી રમત રમનારા આ શખ્સની વાતો સાંભળીને પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. 'લોકોએ સમજવાની જરૂર છે કે સાચા સંતો ક્યારેય આવી લીલાઓ નથી કરતા. અંધશ્રદ્ધામાં આંધળા બનેલા લોકો જ આવા 'કેપ્ટન' જેવા પાખંડીઓને ભગવાન બનાવી દે છે, જેનો અંજામ હંમેશા આવો જ હોય છે.'

## કાશ્મીરમાં આતંકીઓ મેસેજિંગ એપ્સનો ભરપુર ઉપયોગ કરતા હોવાનો ઘટસ્ફોટ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના આતંકી નેટવર્ક અને ડિજિટલ મેસેજિંગ એપ્સના ઉપયોગને લઈને નવી ચિંતાઓ સામે આવી છે, તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ પૂછપરછમાં એક લશ્કર-એ-તોયબાના આતંકીએ મોટો ખુલાસો કર્યો છે. આતંકી નેટવર્ક હવે સુરક્ષિત અને ખાનગી મેસેજિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. જેને પગલે સુરક્ષાદળોની પણ ચિંતા વધી ગઈ છે. જ્યારે ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ પણ આ મુદ્દે કેટલાક ખુલાસા કર્યા હતા. જમ્મુ કાશ્મીરમાં લશ્કર-એ-તોયબાના આતંકીઓ દ્વારા બ્લેકબેરી મેસેન્જર બીબીએમનો ઉપયોગ વધી રહ્યો છે. જે સાથે જ અનેક મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ પણ આતંકીઓ દ્વારા થઈ રહ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. શ્રીનગર પોલીસ દ્વારા જમ્મુ કાશ્મીર બહારના લશ્કર-એ-તોયબા મોડયુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો જે સાથે જ અબુ હુરૈરા નામના આતંકીની ધરપકડ કરવામાં આવી હતી, અબુએ પૂછપરછમાં અનેક મોટા ખુલાસા કર્યા છે.

# વડાપ્રધાન મોદીની અપીલ પર જનતામાં જબરદસ્ત ચર્ચાઓ : જાણો શું છે સત્ય..?

■ "આપણા દેશમાં તેલના કૂવા નથી" – પીએમ મોદીના નિવેદન પાછળનો અર્થ 'કંજૂસી' નહીં પણ 'સાવધાની' છે?

નવી દિલ્હી

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ઈંધણના સ્ત્રોતો પર આપેલું નિવેદન સોશિયલ મીડિયાથી લઈને પાનના ગલ્લાઓ સુધી ચર્ચાનો વિષય બન્યું છે. પીએમએ કહ્યું કે, 'ભારત પાસે પોતાના ઈંધણના કૂવા નથી, આપણે વિદેશો પર નિર્ભર રહેવું પડે છે, માટે તેનો ઉપયોગ સમજી-વિચારીને કરો.' આ નિવેદન બાદ એક સવાલ ઉભો થયો છે કે: શું જરૂર પૂરતો ઉપયોગ કરવો એ મજબૂરી છે કે ડહાપણ?

**ઈંધણનો બગાડ કે દેશદાઝ?**

જ્યારે સરકાર કે દેશનો વડો આવી અપીલ કરે છે, ત્યારે તેની પાછળ ગહન આર્થિક કારણો હોય છે.

ભારત દર વર્ષે લાખો કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ (Foreign Exchange) માત્ર ક્રૂડ ઓઈલ ખરીદવા પાછળ ખર્ચે છે. જો આપણે બિનજરૂરી પેટ્રોલ-ડીઝલ બાળવાનું બંધ કરીએ, તો એ દેશના પૈસા બચે છે જે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંરક્ષણ પાછળ વાપરી શકાય.

જ્યારે આપણે 'ખોટો બગાડ' કરીએ છીએ (જેમ કે ટ્રાફિક સિગ્નલ પર એન્જિન ચાલુ રાખવું કે નજીકના અંતરે પણ ગાડી લઈને જવું), ત્યારે આપણે પરોક્ષ રીતે વિદેશી કંપનીઓની તિજોરી ભરીએ છીએ. સંયમિત ઉપયોગ એ દેશને આર્થિક રીતે 'સ્વનિર્ભર' બનાવવાની દિશામાં એક નાનું પણ મહત્વનું પગલું છે.

માંગ વધે ત્યારે ભાવ વધે છે એ બજારનો નિયમ છે. જો દેશમાં જરૂર પૂરતો જ ઉપયોગ થાય, તો સરકાર પર સપ્લાયનું દબાણ ઘટે છે અને લાંબે ગાળે તે ભાવ સ્થિર રાખવામાં મદદરૂપ થઈ શકે છે. એક વર્ગ એવું માને છે કે અમે ટેક્સ અને પૈસા ભરીએ છીએ તો અમને વાપરવાનો અધિકાર છે. પરંતુ 'પાક્કો ગુજરાત' ના મતે, સંસાધનો ભલે તમારા પૈસાના હોય, પણ એ કુદરતી સ્ત્રોત રાષ્ટ્રના છે. પાણી હોય કે પેટ્રોલ, તેનો 'બગાડ' એ ક્યારેય સાચો ઉપયોગ હોઈ શકે નહીં. વડાપ્રધાને જ્યારે એમ કહ્યું કે 'બગાડ ન કરો', ત્યારે તેમનો ઈરાદો જનતાને સુવિધાથી વંચિત રાખવાનો નથી, પરંતુ એક જવાબદાર નાગરિક તરીકે વર્તવાની યાદ અપાવવાનો છે.

# મનમોહન સિંહ અને ભારતના આર્થિક સંકટની એ કાળી રાત જ્યારે દેશે સોનું ગીરવે મૂકવું પડ્યું હતું..!

### 1991ની નાદારીથી લઈને 2008ની વૈશ્વિક મંદી સુધી : કેવી રીતે દેશે આર્થિક 'ડેન્જર ઝોન'માંથી બહાર આવી વિશ્વમાં ડંકો વગાડ્યો?

નવી દિલ્હી

ભારતની અર્થવ્યવસ્થા આજે ભલે વિશ્વના ટોચના દેશો સાથે સ્પર્ધા કરી રહી હોય, પરંતુ એક સમય એવો હતો જ્યારે ભારત પાસે માત્ર ૧૫ દિવસનું આયાત બિલ ચૂકવવાના પણ પૈસા નહોતા. દેશ નાદાર થવાના આરે હતો અને તત્કાલીન નાણામંત્રી ડૉ. મનમોહન સિંહે ભારતનું પ્રતિષ્ઠિત સોનું વિદેશી બેંકોમાં ગીરવે મૂકવાનો કઠોર નિર્ણય લેવો પડ્યો હતો.

૧૯૯૧ની શરૂઆતમાં ભારતની તિજોરી ખાલી થઈ ગઈ હતી. વિદેશી હૂંડિયામણની ભયંકર અછત વચ્ચે:

સરકારે ૪૭ ટન સોનું બેંક ઓફ ઈંગ્લેન્ડ અને ૨૦ ટન સોનું યુનિયન બેંક ઓફ સ્વિત્ઝર્લેન્ડમાં ગીરવે મૂક્યું હતું.

નરસિમ્હા રાવની સરકારમાં નાણામંત્રી



ડૉ. મનમોહન સિંહે 'ઉદારીકરણ' (LPG) ના દ્વાર ખોલ્યા.

આ નિર્ણયથી ભારતનું લાઈસન્સ રાજ ખતમ થયું અને દેશ આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધ્યો.

જ્યારે આખી દુનિયા ધ્રૂજી રહી હતી ત્યારે ભારત અડીખમ રહ્યું

૧૯૯૧માં નાણામંત્રી તરીકે દેશને બચાવનાર ડૉ. મનમોહન સિંહ ૨૦૦૮માં વડાપ્રધાન હતા. ત્યારે અમેરિકાથી શરૂ થયેલી વૈશ્વિક મંદીએ દુનિયાભરની અર્થવ્યવસ્થાઓને તોડી પાડી હતી, પણ:

ભારતની બેંકિંગ સિસ્ટમ અને મજબૂત સ્થાનિક માર્કેટને કારણે આપણે પશ્ચિમી દેશોની જેમ બરબાદ ન થયા.

ડૉ. સિંહના આર્થિક અનુભવે ભારતને મંદીના લોહીયાળ પંજામાંથી સુરક્ષિત બહાર કાઢ્યું હતું. આ બંને સમયગાળા આપણને શીખવે છે કે દેશ ગમે તેટલા કપરા આર્થિક સંજોગોમાં હોય, જો નેતૃત્વ પાસે સ્પષ્ટ દ્રષ્ટિકોણ અને આર્થિક સમજ હોય તો આપત્તિને અવસરમાં બદલી શકાય છે. આજે ભારત જે અર્થતંત્ર પર ગર્વ કરે છે, તેનો પાયો ૧૯૯૧ની એ 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવી આર્થિક સુધારાની નીતિમાં નખાયો હતો.

## 'મેં એક માણસને ગોળી મારી દીધી છે':

# નેવી ઓફિસર નાણાવટીના એ શબ્દો અને ભારતનો સૌથી હાઈપ્રોફાઈલ મર્ડર કેસ!

મુંબઈ

નૌસેનાની દૂધ જેવી સફેદ વર્દી, ચહેરા પર લશ્કરી શિસ્ત અને આંખોમાં એક અજીબ શાંતિ... જ્યારે કમાન્ડર કાવસ માણેકશા નાણાવટીએ પોલીસ સ્ટેશનમાં જઈને આ ટૂંકું વાક્ય ઉચ્ચાર્યું, ત્યારે કોઈને અંદાજો નહોતો કે આ ઘટના આખા દેશને હચમચાવી દેશે. આ માત્ર એક હત્યાનો કેસ નહોતો, પણ પ્રેમ, વિશ્વાસઘાત અને નૈતિકતાની એવી લડાઈ હતી જેણે ભારતની કોર્ટમાંથી 'જ્યુરી સિસ્ટમ'નો કાયમી અંત આણી દીધો. વર્ષ ૧૯૫૯, ૨૭ એપ્રિલની એ બપોરે નૌસેનાના તેજતર્રાર અધિકારી કમાન્ડર નાણાવટી મુંબઈમાં પોતાના ઘરે પહોંચ્યા. પત્ની સિલ્વિયાએ કબૂલાત કરી કે તેના સંબંધો નાણાવટીના મિત્ર અને બિઝનેસમેન પ્રેમ આહુજા સાથે છે. આ સાંભળી નાણાવટી વિચલિત થયા પણ શાંત રહ્યા. તેમણે પરિવારને સિનેમા હોલ છોડ્યા અને સીધા નૌસેનાના શસ્ત્રાગારમાંથી પોતાની સર્વિસ રિવોલ્વર લીધી. નાણાવટી સીધા પ્રેમ આહુજાના ઘરે પહોંચ્યા. ત્યાં તેમણે આહુજાને પૂછ્યું, 'શું તું સિલ્વિયા સાથે લગ્ન કરીશ અને તેના બાળકોને અપનાવીશ?' આહુજાએ ઉદ્ધત જવાબ આપ્યો, 'શું હું દરેક સ્ત્રી સાથે લગ્ન કરીશ જેની સાથે હું સૂઉં છું?' આ સાંભળતા જ આવેશમાં આવેલા નાણાવટીએ એક પછી એક ત્રણ ગોળીઓ આહુજાના સીનામાં ઉતારી દીધી. તે સમયે મીડિયા અને જનતા નાણાવટીની તરફેણમાં હતી. લોકો તેમને 'દેશભક્ત ઓફિસર' ગણતા હતા જેણે પોતાની પત્નીનું સન્માન બચાવ્યું. લોકપ્રિયતાને કારણે જ્યુરીએ નાણાવટીને 'નિર્દોષ' જાહેર કર્યા હતા, પણ હાઈકોર્ટે આ નિર્ણય રદ કર્યો. આ કેસ બાદ ભારતમાં જ્યુરી ટ્રાયલ બંધ કરવામાં આવી. નાણાવટીને આજીવન કેદ થઈ, પરંતુ જનતાના ભારે દબાણ અને રાજકીય દરમિયાનગીરી બાદ ૩ વર્ષમાં તેમને માફી મળી અને તેઓ કેનેડા સ્થાયી થયા. આ કેસ પરથી બોલિવૂડમાં 'રુસ્તમ' અને 'યે રાસ્તે હૈ પ્યાર કે' જેવી ફિલ્મો પણ બની છે. આજે પણ જ્યારે ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસની વાત નીકળે છે, ત્યારે સફેદ વર્દીમાં સજ્જ એ કમાન્ડરનો ચહેરો નજર સામે જરૂર આવે છે.


## તંત્રી લેખ...

# ડિજિટલ યુગમાં ખોવાતો માતૃપ્રેમ – મોબાઈલના મીંડા અને રૂબરૂની હૂંફ

અમદાવાદ: આજનો જમાનો હાઈ-ટેક છે. આંગળીના ટેરવે દુનિયા મુઠ્ઠીમાં છે, પણ શું આ આંગળીના ટેરવે અપાતી શુભેચ્છાઓમાં પેલી માની મમતાની હૂંફ સમાયેલી છે? આ એક કડવી પણ નગ્ન સત્ય વાસ્તવિકતા છે જે આજે આપણે સ્વીકારવી જ રહી.

મોબાઈલની શુભેચ્છા: એકડા વિનાનું મીંડું

સોશિયલ મીડિયાના સ્ટેટસ અને વૉટ્સએપના મેસેજમાં આજે લાગણીઓ કેદ થઈ ગઈ છે. માતૃદિન હોય કે માતાનો જન્મદિવસ, દીકરીઓ સુંદર ફોટા મૂકીને 'વર્લ્ડ્સ બેસ્ટ મોમ' લખી દે છે. પણ પ્રશ્ન એ છે કે, જે માતાએ તમને આંગળી પકડીને ચાલતા શીખવ્યું, શું તેની ખબર અંતર પૂછવા માટે તમે ક્યારેય રૂબરૂ જવાની તસ્દી લો છો?



વિદ્વાનો કહે છે તેમ, 'મોબાઈલ પર આપેલી શુભેચ્છા એ એકડા વિનાના મીંડા જેવી છે.' ગમે તેટલા મીંડા (શૂન્ય) લગાવો, જો આગળ 'એકડો' એટલે કે 'રૂબરૂ મુલાકાત' ન હોય, તો તેની કિંમત શૂન્ય જ રહે છે.

રૂબરૂ મુલાકાતનો કોઈ વિકલ્પ નથી

માતાને તમારા મોંઘા ગિફ્ટ કે એન્ડ્રોઈડ ફોનની જરૂર નથી. તેને તો જોઈએ છે તમારી આંખોમાં રહેલો પ્રેમ અને તેની પાસે બેસીને વિતાવેલી પાંચ મિનિટ.

* સ્પર્શની અનુભૂતિ: ફોન પર સંભળાતો અવાજ અને માંના હાથનો સ્પર્શ–બંને વચ્ચે આભ-જમીનનો તફાવત છે.

* ખબર-અંતરની સાચી વ્યાખ્યા: ફોન પર તો માં હંમેશા 'મજામાં છું' જ કહેશે, પણ તેની આંખોમાં રહેલો થાક કે એકલતા તો રૂબરૂ મળ્યા વગર નહીં સમજાય.

* સંસ્કારોનું સિંચન: જ્યારે દીકરી પોતાની માતાને રૂબરૂ મળવા જાય છે, ત્યારે તે પોતાની આવનારી પેઢીને પણ વડીલોના સન્માનના પાઠ ભણાવે છે.

ક્યારે બદલાશે આ સ્થિતિ?

પરિણીત દીકરીઓ પોતાના ઘર-સંસારમાં વ્યસ્ત હોય તે સ્વાભાવિક છે, પણ જે માંએ આખું જીવન દીકરીના સુખ પાછળ ખર્ચી નાખ્યું, તેના માટે મહિનામાં એકાદ વાર રૂબરૂ મળવાનો સમય ન ફાળવી શકાય?

નિષ્કર્ષ:

યાદ રાખજો, ટેકનોલોજી સુવિધા માટે છે, સંબંધો નિભાવવા માટે નહીં. કીબોર્ડ પર 'Love you Mom' ટાઈપ કરવા કરતાં, માં ના ઘરે જઈને તેના હાથની ચા પીતા-પીતા તેની વાતો સાંભળવી એ સાચું પુણ્ય છે. જો તમે હજુ પણ માત્ર ફોન પર જ વાતો પતાવતા હોવ, તો આજે જ વિચારજો–કારણ કે માંની અપેક્ષા વૉટ્સએપ નોટિફિકેશન નહીં, પણ તમારા ઘરના ઉંબરે પડતા તમારા પગલાં છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# યુવાન દંપતિઓને પીએનડી નામની નવી માનસિક વ્યાધિ વળગી !

**ભારતના યુવાન દંપતિઓ માટે લગ્નજીવન હવે પહેલા જેટલુ આનંદદાયક નથી રહ્યું. ખાસ તો એટલા માટે કે પતિ-પત્ની બંને નોકરી કરતા પ્રોફેશનલો હોવાથી બંને પોતપોતાની રીતે દાંપત્ય જીવનમાં તાણ (સ્ટ્રેસ) અનુભવે છે. એક દાખલો લઈએ. અજય અને આશા પટેલ બંને અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) ના ગ્રેજ્યુએટ છે. તેઓ બંને જાણે એકબીજા માટે જ સર્જાયા છે. બંનેને મુંબઈની એક મલ્ટીનેશનલ કંપનીમાં સાત આંકડાનો પગાર આપતો જોબ મળી ગયો. અજય અને આશા એકબીજાના પ્રેમમાં તો હતા જ, ઉપરથી બંને એક જ જ્ઞાતિના નીકળ્યા.**

ભારતના યુવાન દંપતિઓ માટે લગ્નજીવન હવે પહેલા જેટલુ આનંદદાયક નથી રહ્યું. ખાસ તો એટલા માટે કે પતિ-પત્ની બંને નોકરી કરતા પ્રોફેશનલો હોવાથી બંને પોતપોતાની રીતે દાંપત્ય જીવનમાં તાણ (સ્ટ્રેસ) અનુભવે છે. એક દાખલો લઈએ. અજય અને આશા પટેલ બંને અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) ના ગ્રેજ્યુએટ છે. તેઓ બંને જાણે એકબીજા માટે જ સર્જાયા છે. બંનેને મુંબઈની એક મલ્ટીનેશનલ કંપનીમાં સાત આંકડાનો પગાર આપતો જોબ મળી ગયો. અજય અને આશા એકબીજાના પ્રેમમાં તો હતા જ, ઉપરથી બંને એક જ જ્ઞાતિના નીકળ્યા. એટલે મા-બાપે બે વરસ પહેલા રાજીખુશીથી એમને પરણાવી દીધા. એમનું લગ્નજીવન કોઈ પરીકથા જેવું સુખમય હોવું જોઈતું હતું. પરંતુ એવું થયું નહીં. લગ્નના એક જ વરસ બાદ અજયને છાતીમાં દુખાવો ઉપડયો અને એને હોસ્પિટલમાં દાખલ કરવો પડયો. ડોક્ટરો જાતજાતના ટેસ્ટ બાદ એવા નિષ્કર્ષ પર આવ્યા કે અજયનું હાર્ટ એકદમ સાબુત હતું. એને હાર્ટનો કોઈ પ્રોબેલ્મ નહોતો. એટલે ડોક્ટરોએ એને મનોચિકિત્સક (સાઈકોલોજીસ્ટ) પાસે મોકલ્યો. મુંબઈના એક સાઈકોથેરાપિસ્ટે પણ અમુક ટેસ્ટ કર્યા બાદ એવું નિદાન કર્યું કે અજય પોસ્ટનપશલ ડિપ્રેશન (દાંપત્ય જીવનની હતાશા -પીએનડી)થી પીડાઈ રહ્યો છે. બંને પ્રોફેશનલ છે એટલે એમના લગ્નના ગણતરીના મહિનાઓ બાદ જ મુશ્કેલીની શરૂઆત થઈ ગઈ. બંનેના હાઈ પ્રેશર જોબ હતા. એટલે ઘરની જવાબદારી બંને એકબીજા પર ઢોળવા લાગ્યા. લગ્નના છ મહિના બાદ આશાને એની કંપનીએ એક પ્રતિષ્ઠિત પ્રોજેક્ટની જવાબદારી સોંપી એટલે આશાએ પોતાના પતિ અજયને પોતાનો પ્રોજેક્ટ પૂરો થાય ત્યાં સુધી ઘરની જવાબદારી ઉપાડવાનું કહી દીધું. અજયે વહેલા ઉઠીને ઓફિસ ઉપરાંત ઘરની અને સામાજિક જવાબદારીઓ પણ નિભાવવી પડતી. બધુ એના એકલાના માથે આવી ગયું હતું. એટલે એને મનમાં ધીરે ધીરે છેતરાયાની લાગણી થવા લાગી. એને લીધે ડિપ્રેશનના બીજ રોપાયા. અજયે પીએનડીની પકડમાંથી છૂટવા પુરુ એક વરસ દવાઓ અને થેરપી લેવી પડી. પીએનડી એક ઝડપથી વિકસતી જતી શહેરી બિમારી હોવાનું સાઈકોલોજીસ્ટો માને છે. પેલા મનોચિકિત્સક કહે છે કે મારા કાઉન્સેલિંગ સેંટરમાં સારવાર માટે આવતા પીએનડીના દર્દીઓની સંખ્યા છેલ્લા પાંચ વરસમાં બમણી થઈ ગઈ છે. મેરેજનું ડાયનેમિક્સ (ચલ પ્રેરક બળ) જ બદલાઈ ગયું છે. હવે બે કારકિર્દી પ્રેમી ભેગા થાય છે. અને પોતપોતાના ભાગની વર્કસ્ટ્રેસ લગ્નમાં લઈ આવે છે. એને લીધે લગ્નજીવનમાં સંઘર્ષ, ડિપ્રેશન અને માનસિક બ્રેકડાઉન સર્જાય છે. પીએનડીના દર્દીઓ ડોક્ટર પાસે જાય ત્યારે એમનામાં




હાઈ બ્લડ પ્રેશર, ઉદરશૂળ, અલ્સર, અનિંદ્રા અને અકરાતિયાપણાના લક્ષણો દેખાય છે. એક નવાઈની વાત એ છે કે પીએનડી લગ્નના બે જ વરસમાં દર્દી પર ત્રાટકે છે. લગ્નના શરૂના આનંદ-ઉત્સાહ ઓસરી ગયા બાદ પતિ-પત્ની જીવનની વાસ્તવિકતાઓનો સામનો કરવા લાગે છે ત્યારથી જ કટોકટીના તબક્કાના મંડાણ થઈ જાય છે. આ સમયગાળામાં દંપતિ એવા સંજોગોમાં મૂકાય છે જેનો સામનો કરવાનું એમને અશક્ય લાગે છે. એમ મુંબઈની એક હોસ્પિટલના સાઈકિયાટ્રિસ્ટ કહે છે. જોકે બીજા તબીબ એવો મત ધરાવે છે કે લગ્ન બાદ સંબંધોમાં પ્રશ્નો ઉભા થવા કોઈ નવી વાત નથી. પીએનડી માત્ર એનું નવું નામ છે. હું તો એને નવો ટ્રેન્ડ કે વ્યાધિ ગણવાને બદલે એડજસ્ટમેન્ટનો પ્રોબ્લેમ કહીશ.

પીએનડીએ હજુ સત્તાવાર રીતે તબીબી શબ્દકોશમાં સ્થાન ન મેળવ્યું હોવા છતાં એનો વ્યાપ વધી રહ્યો હોવા વિશે બેમત નથી. સામાન્યપણે ડિપ્રેશનની વ્યાધિ પણ ભારતમાં વધવામાં છે. બેંગલોરની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સીસના જણાવ્યા મુજબ ભારતમાં દર પંદર વયસ્ક વ્યક્તિમાંથી એક ડિપ્રેશનને લગતી કોઈને કોઈ બિમારીથી પીડાય છે. આ રોગ પાંખો ફેલાવતો જાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક રિપોર્ટમાં એવી આગાહી કરાઈ છે કે ૨૦૩૦ સુધીમાં ડિપ્રેશન વિશ્વની બીજા ક્રમની સૌથી વધુ વ્યાપક બિમારી તરીકે હૃદયરોગનું સ્થાન લઈ લેશે. રાજકોટમાં એક મેરેજ કાઉન્સેલિંગ સેંટર 'રિલેશન્સ' ના સ્થાપક કહે છે કે ભારતના શહેરોમાં ડિપ્રેશન જે પ્રમાણમાં વધી રહ્યું છે એ જ પ્રમાણમાં પીએનડીના કેસ વધી રહ્યા છે. પીએનડીનો ફેલાવો વધારવામાં આધુનિક જીવનની સ્ટ્રેસ સૌથી મહત્ત્વનું કારણ બની રહે છે. આજનું વર્ક કલ્ચર એટલો બધો સમય માગી લે છે કે પરિણીત યુગલો પાસે એકબીજાની નજીક આવવાનો સમય જ નથી. તબીબનો અનુભવ એમ કહે છે કે ૨૫ વર્ષ અને એથી વધુ વયની હાઈ ઈન્કમ ગ્રુપની વ્યક્તિઓ લગ્ન બાદ ડિપ્રેશનનો સૌથી વધુ ભોગ બને છે. હાઈ ઈન્કમ ગ્રુપના લોકોને જોબમાં વધુ સ્ટ્રેસ રહે છે અને આ સ્ટ્રેસ એમના લગ્નજીવનમાં પ્રવેશતા ડિપ્રેશન આવે છે. સ્ટ્રેસની જેમ એકલતા પણ પીએનડી નોતરે છે. ૨૪ વરસની મુંબઈની ડબલ ગ્રેજ્યુએટ યુવતી શ્રધ્ધાના લગ્ન ૨૭ વરસના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મુકેશ સાથે થયા. આવું સરસ ઠેકાણું મળવાથી શ્રધ્ધા બહુ ખુશ હતી. એની પાસે પૈસો હતો, સુખમય જિંદગી હતી અને હાથ પર ઘણો ફાજલ સમય હતો. પરંતુ સુખસાહેબીભરી જિંદગીનો આનંદ અલ્પજીવી નીવડયો. એટલા માટે કે મુકેશ એક મોટી ફર્મમાં કંપની સેક્રેટરી હોવાથી બહુ જ બિઝી રહેતો. એ શ્રધ્ધાને સમય નહોતો આપી શકતો. સવારે ૯ વાગે ઘરેથી નીકળીને મુકેશ રાત્રે ૧૦ વાગે થાક્યાપાક્યો ઘરે પાછો ફરતો. આ એનો નિત્યક્રમ બની ગયો હતો. શ્રધ્ધાને સાસરિયામાં કંપની આપનારું કોઈ નહોતું. એ આવડા મોટા ઘરમાં આખો દિવસ એકલી રહીને કંટાળતી. શરૂમાં નિરાશ થઈ શ્રધ્ધા કલાકો સુધી આંસુ સારતી. પછી એ કૌચલામાં ભરાઈ ગઈ અને એણે બોલવાનું બંધ કરી દીધું. મુકેશે લગ્નના સાત જ મહિના બાદ પોતાની પત્ની શ્રધ્ધાને સાઈક્રિયાટ્રીસ્ટ પાસે લઈ જવી પડી, જ્યાં શ્રધ્ધા પીએનડીથી પીડાતી હોવાનું નિદાન થયું. એક વેબસાઈટે કરેલા અભ્યાસમાં એવું જાણવા મળ્યું હતું કે ભારતના શહેરોની યુવાન પરિણીત સ્ત્રીઓમાં ડિપ્રેશનનું પ્રમાણ ઊંચુ છે. એનું મુખ્ય કારણ લગ્ન બાદ ઘર ચલાવવાની અને બાળકોના ઉછેરની જવાબદારી નિભાવતી વખતે પડતો સ્ટ્રેસ છે. તેમાંય સાસુ સસરા ત્રાસ આપતા હોય, ઘરમાં વારંવાર કલેશ થતાં હોય તો પતિ-પત્ની બંનેનું દાંપત્ય જીવન ખોરવાઈ જાય છે. એક અનુભવી ડોક્ટરના જણાવ્યા પ્રમાણે પીએનડીની બિમારી સ્ત્રી-પુરુષમાં કોઈ ભેદ કરતી નથી. છેલ્લા ત્રણ વરસમાં મેં મારા સેંટરમાં કાઉન્સેલિંગ માટે આવતા પીએનડીના પેશન્ટોમાં પાંચ ગણો વધારો જોયો છે. મારા ૯૦ ટકા દર્દીઓ આઈટી અને કોલ સેંટરમાં કામ કરે છે જ્યાં કામનું દબાણ ખૂબ રહે છે. એમણે પોતાના દર્દીઓમાં એવા ઘણા દાખલા જોયા છે જેમાં પતિ-પત્ની બંને આઈટી પ્રોફેશનલ હોય અને જુદી જુદી કંપનીમાં નોકરી કરતા હોય. તેઓ માત્ર શનિ-રવિ જ ભેગા થતા હોય. બાકીના દિવસોએ તેઓ ફોન પર અથવા નેટ પર ચેટીંગ કરીને એકબીજા સાથે વાતચીત કરી લે છે. એને કારણે ખાસ કરીને પત્ની લાગણીનો શૂન્યાવકાશ અનુભવે છે.

# 'ભારતીય રાજકારણનું વિષ તમે શિવજીની જેમ પી લેજો...'

**આશુતોષ મુખરજી પહેલાં ગણિતમાં અને પછી ભૌતિકશામાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. બબ્બે વિષયમાં માસ્ટર ડિગ્રી કરનારા તેઓ કલકત્તા યુનિવસટીના સર્વપ્રથમ વિદ્યાર્થી. આટલું જાણે ઓછું હોય તેમ તેમણે સિટી કોલેજમાંથી કાનૂનની પરીક્ષા પણ પાસ કરી. ચોવીસ વર્ષના થયા ત્યાં સુધીમાં તેમણે આ તમામ ડિગ્રીઓ મેળવી લીધી હતી. તેમણે પછી કલકત્તામાં વકીલાત કરવા માંડી.**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની ધમપશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની ધમાચકડી ચાલી રહી ત્યારે અને ભાજપનો કલ્પાનાતીત વિજય થયો તે પછી એક વ્યક્તિનો નામનો સતત આદરપૂર્વક નામોલ્લેખ થતો રહ્યો છે. એ છે શ્યામાપ્રસાદ મુખરજી. શ્યામાપ્રસાદ મુખરજી એટલે ભારતીય જનસંઘના સ્થાપક, અને જનસંઘ એટલે ભારતીય જનતા પાર્ટીની વિચારધારાનો પાયો. શ્યામાપ્રસાદના પિતાજી એટલે વિખ્યાત શિક્ષણશાી અને કાનૂનવિદ એવા આશુતોષ મુખરજી (જન્મ: ૧૮૬૪-મૃત્યુ: ૧૯૨૪, તસવીરમાં જમણે). આ બાપ-બેટા વિશે વિગતે જાણવા જેવું છે. મુખરજી એટલે કે મુખોપાધ્યાય બ્રાહ્મણો બંગાળમાં સદીઓથી 'ભદ્રલોક' ગણાતા આવ્યા છે. આશુતોષ મુખરજી પહેલાં ગણિતમાં અને પછી ભૌતિકશામાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. બબ્બે વિષયમાં માસ્ટર ડિગ્રી કરનારા તેઓ કલકત્તા યુનિવસટીના સર્વપ્રથમ વિદ્યાર્થી. આટલું જાણે ઓછું હોય તેમ તેમણે સિટી કોલેજમાંથી કાનૂનની પરીક્ષા પણ પાસ કરી. ચોવીસ વર્ષના થયા ત્યાં સુધીમાં તેમણે આ તમામ ડિગ્રીઓ મેળવી લીધી હતી. તેમણે પછી કલકત્તામાં વકીલાત કરવા માંડી. ૧૯૨૦માં તો તેઓ કલક્ત્તા હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બની ચૂક્યા હતા. આ અરસાનો એક પ્રસંગ છે. તેઓ રોજ ગંગા કિનારે શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવા જતા. એક દિવસ તેઓ ગંગાસ્નાન કરીને પાછા ફરી રહ્યા હતા ત્યારે એમના અંગ પર અબોટિયું ને હાથમાં ગંગાજળ ભરેલો લોટો જોઈને એક વૃદ્ધા એમને કર્મકાંડી બ્રાહ્મણ સમજી બેઠી. આશુતોષજીની પાસે જઈને તે રડવા લાગી. કહે, મારા પતિનું શ્રાદ્ધ કરવું છે, પણ કોઈ કર્મકાંડી બ્રાહ્મણ મળતો નથી. મહેરબાની કરીને તમે ના ન પાડતા. આશુતોષબાબુને દયા આવી. પોતાની ઓળખ છુપાવીને તેમણે કહ્યું, ચાલો. વૃદ્ધા એમને પોતાને ઘેર લઈ ગઈ. આશુતોષબાબુએ રીતસર બધી વિધિઓ કરી. વૃદ્ધાએ એમને દક્ષિણામાં



ચોખા આપ્યા, જે એમણે પ્રેમપૂર્વક સ્વીકારી પણ લીધા. ચોખાની પોટલી લઈને તેઓ પોતાને ઘરે જવા નીકળ્યા ત્યાં રસ્તામાં કોઈ પરિચિત માણસ મળી ગયો. એ હસીને કહે, 'કેમ, આશુતોષબાબુ? ન્યાયાધીશ થઈને ગોરપદું કરી આવ્યા?' આશુતોષ મુખરજી કહે, 'ન્યાયાધીશ થયો તો શું થયું? હું મારા બ્રાહ્મણ ધર્મને થોડો તિલાંજલિ આપી શકું?'

આશુતોષબાબુ સમાજસુધારણાની બાબતમાં ખૂબ મક્કમ હતા. એમણે બાળપણમાં વિધવા થઈ ગયેલી પોતાની દીકરીનાં પુનર્વિવાહ કરાવ્યા હતાં, સમાજનો ભરપૂર વિરોધ હતો, છતાં પણ. એક બાજુ તેમની વકીલાત ચાલતી હતી ને બીજી બાજુ, ૧૮૮૦થી ૧૮૯૦ દરમિયાન તેમણે લખેલા ગણિત સંબંધિત ૧૨ મૌલિક રિસર્ચ પેપર 'એશિયાટિક રોયલ સોસાયટી'માં પ્રસિદ્ધ થઈ રહ્યા હતા. તેમને કલકત્તા યુનિવસટીના વાઈસ ચાન્સેલર તરીકે બે વખત નિયુક્ત કરવામાં આવ્યા. યુનિવસટીનું સ્તર ઊંચું લઈ જવા માટે તેમણે જર્મન, અમેરિકન અને અંગ્રેજ પ્રોફેસરોની નિમણૂક કરી હતી. પિતાની તેજસ્વીતા પુત્રમાં પણ ઉતરી આવી હોય તો એમાં બહુ નવાઈ પામવા જેવું ખરું? ૭ જુલાઈ, ૧૯૦૧ના રોજ શ્યામાપ્રસાદનો જન્મ થયો. પિતાની જેમ શ્યામાપ્રસાદ પણ કાયદાના ક્ષેત્ર તરફ આકર્ષાયા. બનારસ હિંદુ યુનિવસટીમાંથી એમણે કાયદા વિષયમાં ડોક્ટરેટ મેળવ્યું. શ્યામાપ્રસાદ વિદ્યાર્થી હતા ત્યારથી રાજકીય ગતિવિધિઓમાં પ્રવૃત્ત થઈ ગયેલા. તેમણે હિન્દુ સ્ટુડન્ટ ફેડરેશન નામના વિદ્યાર્થી સંગઠનની સ્થાપના કરી હતી. પછી કોંગ્રેસમાં જોડાઈને ધારાસભ્ય બન્યા, પણ એમને કોંગ્રેસની મુસ્લિમ તુષ્ટિકરણની નીતિ માફક ન આવી, તેથી ધારાસભ્યપદેથી રાજીનામું આપી દીધું. તેઓ પુનઃ ચૂંટણી લડયા ને જીત્યા પણ ખરા. શ્યામાપ્રસાદ મુખરજીએ જનસંઘની સ્થાપના તો ૧૯૫૧માં કરી હતી, પણ આ બિંદુ સુધી તેઓ કેવી રીતે પહોંચ્યા તે જાણવા માટે એમના જીવનનાં આગલાં પૃષ્ઠો ખોલવા પડે. ૧૯૩૭ની પ્રાંતિક સરકારમાં શ્યામાપ્રસાદ થોડા સમય માટે નાણાપ્રધાન બન્યા હતા, પરંતુ અહીં પણ તેમણે રાજીનામું આપી દીધું, કેમ કે તેમને લાગતું હતું કે સરકાર મુસ્લિમ લીગના દબાણ હેઠળ કામ કરે છે. સ્વાતંત્ર્ય વીર સાવરકરના આગ્રહથી શ્યામાપ્રસાદ અખિત ભારતીય હિંદુ મહાસભામાં જોડાયા. હિંદુ એકતા અને હિંદુઓની પોલિટિકલ આઈડેન્ટિટી ઊભી કરવાના આશય સાથે ૧૯૧૫માં હિન્દુ મહાસભા વિધિવત્ સ્વરૂપે અસ્તિત્ત્વમાં આવી હતી. સાવરકર આ સંસ્થાના પ્રભાવશાળી નેતા હતા. ૧૯૪૦માં શ્યામાપ્રસાદ મુખરજી હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા. શ્યામાપ્રસાદના હિન્દુ મહાસભાના જોડાણને કારણે ગાંધીજી વિશેષ રાજી થયા હતા.

# ઉનાળાના આકરા તાપમાં મેળવો કુદરતી ઠંડક

ઉનાળામાં આકરો તડકો અને વધુ પડતા પરસેવાના કારણે શરીરમાંથી પાણીની સાથે જરૂરી ઈલેક્ટ્રોલાઈટ્સ પણ બહાર નીકળી જાય છે. આવી સ્થિતિમાં માત્ર પાણી પીવું પૂરતું નથી. ઘરે બનાવેલા કુદરતી અને પરંપરાગત પીણાં શરીરને અંદરથી ઠંડક આપે છે. સાથે જ ડિહાઈડ્રેશન, થાક અને હીટ સ્ટ્રોક જેવી સમસ્યાઓથી બચાવવામાં મદદ કરે છે. ઘણા નેચરલ ડ્રિંક્સ શરીરમાં પાણી, ગ્લુકોઝ, વિટામિન્સ અને મિનરલ્સનું સંતુલન જાળવી રાખે છે. આમપન્ના, સત્તૂનું શરબત, બીલાંનું શરબત, છાશ અને જલજીરા એનર્જી આપવાની સાથે પાચનમાં મદદ કરે છે આમપન્ના ઉનાળામાં લૂ અને તડકાથી બચાવે છે. તે શરીરને ઠંડક આપે છે અને ઈલેક્ટ્રોલાઈટ્સની પૂર્તિ કરે છે. તેનો ખાટો-મીઠો સ્વાદ તાજગી આપે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

તેને બનાવવા માટે કેટલીક સામગ્રીની જરૂર પડે છે- કાચી કેરી, ખાંડ અથવા ગોળ, સંચળ, જીરું પાવડર, ફુદીનો, ઠંડુ પાણી આમપન્નાના સ્વાસ્થ્ય લાભો લૂથી બચાવે છે. શરીરનું તાપમાન નિયંત્રણમાં રાખે છે. વિટામિન C થી ભરપૂર છે. રોગપ્રતિકારક શક્તિ મજબૂત કરે છે. ડિહાઈડ્રેશન અને નબળાઈ દૂર કરે છે. સત્તૂનું શરબત સત્તૂનું શરબત ઉનાળામાં શરીરને ઠંડુ અને ઊર્જાવાન રાખતું દેશી પીણું છે. શેકેલા ચણામાંથી બનેલું સત્તૂ પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર હોય છે, જે લાંબા સમય સુધી પેટ ભરેલું રાખે છે. તે ડિહાઈડ્રેશનથી બચાવે છે અને શરીરને ઠંડુ રાખે છે. તેને બનાવવા માટે કેટલીક સામગ્રીઓની જરૂર પડે છે- 2-3 ચમચી સત્તૂ ઠંડુ પાણી લીંબુ સંચળ જીરું પાવડર સત્તૂ શરબતના હેલ્થ બેનિફિટ્સ ઈન્સ્ટન્ટ એનર્જી આપે છે. પેટને ઠંડુ રાખે છે. લાંબા સમય સુધી હાઈડ્રેશન આપે છે. પ્રોટીનથી ભરપૂર હોય છે. પાચનતંત્રને સુધારે છે. બ્લડ શુગરને નિયંત્રણમાં રાખે છે. બેલ (બીલાં)નું શરબત બેલનું શરબત એક પરંપરાગત અને ઔષધીય પીણું છે. તે પાચનતંત્ર માટે ફાયદાકારક છે અને કબજિયાત, એસિડિટી અને પેટની ગરમી ઘટાડે છે. નિયમિત સેવનથી શરીર ઠંડુ રહે છે અને લૂ લાગવાનો ખતરો ઓછો થાય છે. તેને ઉનાળામાં નેચરલ કૂલિંગ ડ્રિંક તરીકે પસંદ કરવામાં આવે છે. તેને બનાવવા માટે કેટલીક સામગ્રીઓની જરૂર પડે છે- પાકેલું બીલાં ફળ ઠંડુ પાણી ખાંડ/ ગોળ ઈલાયચી, બીલાંનું શરબત પીવાના ફાયદા

પાચનતંત્ર માટે ફાયદાકારક છે. કબજિયાત અને એસિડિટીથી રાહત આપે છે. શરીરને ઠંડક આપે છે. હીટ સ્ટ્રોકથી બચાવે છે. શરીરને હાઈડ્રેટેડ રાખે છે. કાકડી-ફુદીનાનું ડ્રિંક આ ડ્રિંક શરીરને હાઈડ્રેટ અને ફ્રેશ રાખે છે. કાકડીમાં વધુ પાણી હોવાથી ઠંડક મળે છે.

ફુદીનો તાજગી આપે છે અને પાચન સુધારે છે. આ ડ્રિંક ડિટોક્સ કરે છે અને ત્વચાને હાઈડ્રેટ રાખે છે. તેનાથી આખો દિવસ તાજગીનો અનુભવ થાય છે. તેને બનાવવા માટે કેટલીક સામગ્રીઓની જરૂર પડે છે- 1 કાકડી, ફુદીનાના પાન, લીંબુ, સંચળ, પાણી, કાકડી-ફુદીનાના ડ્રિંકના ફાયદા શરીરને ડિટોક્સ કરે છે. ત્વચાને હાઈડ્રેટ રાખે છે. વજન ઘટાડવામાં મદદરૂપ છે. તાત્કાલિક તાજગી આપે છે. શરીરને હાઈડ્રેટેડ રાખે છે. લીંબુ પાણી , લીંબુ-મીઠુંનું પાણી ઉનાળામાં શરીરને હાઈડ્રેટ અને એનર્જેટિક રાખે છે. તેને બનાવવા માટે કેટલીક સામગ્રીની જરૂર પડે છે- કાચી કેરી, ખાંડ અથવા ગોળ, સંચળ, જીરું પાવડર, ફુદીનો, ઠંડુ પાણી આમપન્નાના સ્વાસ્થ્ય લાભો લૂથી બચાવે છે. શરીરનું તાપમાન નિયંત્રણમાં રાખે છે. વિટામિન C થી ભરપૂર છે. રોગપ્રતિકારક શક્તિ મજબૂત કરે છે. ડિહાઈડ્રેશન અને નબળાઈ દૂર કરે છે.

# સ્પેસ ટેક યુનિકોર્ન સ્કાયરૂટના વિક્રમ-વન પર સૌની નજર

**સ્પેસ ક્ષેત્ર સરકારી એજન્સીઓ સાથે સંકળાયેલું હોવાથી કેટલાક સંશોધનો માત્ર સરકારી રાહે જ થતાં હોવાનું મનાતું હતું. જોકે ભારત સ્પેસ સંશોધન ક્ષેત્રે હરણફાળ ભરી ચૂક્યું છે અને જ્યારથી સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ આવ્યાં છે ત્યારથી નવાં સંશોધનો જોવા મળી રહ્યાં છે, જેની વિશ્વએ પણ નોંધ લીધી છે.**

પાંચ વિધાનસભાના જંગની રાજકીય ઉથલપાથલના અહેવાલો વચ્ચે સ્પેસ ટેકનોલોજી સાથે સંકળાયેલા મહત્વના અહેવાલ તરફ બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. સ્પેસ ટેકનોલોજીનાં ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ મહત્વનાં બની રહ્યાં છે. સ્કાયરૂટ એરોસ્પેસ ભારતનું પ્રથમ સ્પેસ-ટેક યુનિકોર્ન બન્યું છે. સ્પેસ ક્ષેત્ર સરકારી એજન્સીઓ સાથે સંકળાયેલું હોવાથી કેટલાક સંશોધનો માત્ર સરકારી રાહે જ થતાં હોવાનું મનાતું હતું. જોકે ભારત સ્પેસ સંશોધન ક્ષેત્રે હરણફાળ ભરી ચૂક્યું છે અને જ્યારથી સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ આવ્યાં છે ત્યારથી નવાં સંશોધનો જોવા મળી રહ્યાં છે, જેની વિશ્વએ પણ નોંધ લીધી છે. ૭ મેના રોજ દેશના પ્રથમ સ્પેસ-ટેક યુનિકોર્ન સ્ટાર્ટઅપની જાહેરાત કરવામાં આવી હતી. સ્ટાર્ટઅપ સ્કાયરૂટ ૧.૧ અબજ ડોલરના વેલ્યૂએશન સાથે ભારતનું પહેલું યુનિકોર્ન સ્પેસ સ્ટાર્ટઅપ બન્યું છે. હૈદરાબાદ સ્થિત સ્કાયરૂટ એરોસ્પેસે યુનિકોર્નનું લેબલ મેળવીને અન્ય નવોદિતોને પ્રોત્સાહિત કર્યા છે. રામ શ્રીરામની કંપની શેરપાલો, સિંગાપુરના વેલ્થ ફંડ જીઆઈસી, બ્લેકરોક, રિન્યુએબલ એનર્જી કંપની ગ્રીનકો ગ્રુપના ફાઉન્ડર્સ, પ્લેબુકના ફાઉન્ડર્સ સહિતના રોકાણકારો મેદાનમાં ઉતરવાને કારણે સ્કાયરૂટને ૬૦ મિલિયન ડોલર (અંદાજે ૫૭૦ કરોડ રૂપિયા)નું રોકાણ મળ્યું છે. સ્ટાર્ટઅપમાં કોણ રોકાણ કરે છે તે મહત્ત્વનું હોય છે. નામાંકિત કંપનીઓ રોકાણ કરે ત્યારે તેમનાં નામ જાહેર થતાં હોય છે, જેના કારણે અન્ય કંપનીઓ પણ રોકાણ માટે પ્રોફાઈલ ચેક કરતી થાય છે. પ્લેબુક પાર્ટનર્સ અને સંઘવી ફેમિલી ઓફિસ નવા રોકાણકારો છે. ૨૦૨૩માં સ્કાયરૂટની વેલ્યુએશન ૫૧૯ મિલિયન ડોલર આંકવામાં આવી હતી. જોકે હવે તેની પાસે તગડું ભંડોળ આવી ગયું છે




અને તે પ્રથમ સ્પેસ ટેકનોલોજી યુનિકોર્ન બનતાં સ્પેસ ટેકનોલોજી સંબંધિત સંશોધનો પર વધુ ધ્યાન અપાશે તેમજ તેને નવા ઓર્ડર પણ મળતા થશે. વિક્રમ-વન ભારતનું પ્રાઈવેટ સેક્ટર દ્વારા તૈયાર થયેલું પહેલું ઓર્બિટલ લોન્ચ વેહિકલ છે. તેથી વિશ્વભરના સ્પેસ સેક્ટરના લોકોની નજર આ પ્રોજેક્ટ પર છે. સ્કાયરૂટના સહ-સ્થાપક અને સીઈઓ પવન કુમાર ચંદાનાએ કહ્યું હતું કે વિશ્વની નામાંકિત કંપનીઓએ અમારા સ્ટાર્ટઅપમાં રોકાણ કર્યું છે, તે દર્શાવે છે કે અમારા સાહસમાં રોકાણકારોને ભરોસો છે. સ્કાયરૂટના સ્થાપકો પર નજર કરીએ તો ૨૦૧૮માં ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિકો પવન કુમાર ચંદાના અને નાગા ભરત ડાકાએ આ સ્ટાર્ટઅપની શરૂઆત કરી હતી. ત્યારે તે સ્પેસ ક્ષેત્રે ભારતની પહેલી પ્રાઈવેટ કંપની બની હતી. ૨૦૨૨માં જ્યારે આ સ્કાયરૂટે સબ-ઓબટલ વિક્રમ-એસ વ્હીકલ તરતું મૂક્યું ત્યારે એક પ્રાઈવેટ કંપની પણ સ્પેસ ક્ષેત્રે સફળતા મેળવી શકે છે તે વાતે તેની ખૂબ પ્રશંસા થઈ હતી. સ્કાયરૂટને મળેલી સફળતા બાદ અન્ય પ્રાઈવેટ કંપનીઓ પણ સ્પેસ ક્ષેત્રે આવવા લાગી હતી. સ્પેસ ક્ષેત્રે આવી રહેલાં નવાં સ્ટાર્ટઅપ્સમાં ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિકો સીધા કે આડકતરી રીતે જોડાયેલા જોવા મળે છે. અહીં ઉલ્લેખનીય છે કે હાલમાં ભારતમાં ૧૨૮ યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સ છે, એટલે કે પ્રત્યેકની વેલ્યુ એક અબજ અમેરિકી ડોલર કરતાં વધુ છે. છેલ્લે, ૨૦૨૬ની શરૂઆતમાં, ક્રેડિટબી અને જસપે યુનિકોર્ન ક્લબમાં જોડાયા હતા. સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારતે વિશ્વમાં ત્રીજો ક્રમ જાળવી રાખ્યો છે. એરોસ્પેસ ટેકનોલોજીમાં ભારતના સ્ટાર્ટઅપ્સે કરેલી પ્રગતિ પ્રશંસનીય છે, પરંતુ વિશ્વમાં સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે અંદાજે ૨૫ જેટલાં યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સ સક્રિય છે. વિશ્વનાં ટોપ-ફાઈવ સ્પેસ ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સમાં ચાર અમેરિકાનાં છે અને એક ચીનનું છે. આ ટોપ-ફાઈવ સ્ટાર્ટઅપ્સમાં એક ઈલોન મસ્કનું સ્પેસએક્સ છે, જેનું વેલ્યુએશન ૪૦૦ અબજ ડોલરનું છે. ઉપરાંત એન્ડ્યુરિલ એરોસ્પેસ, ડીજેઆઈ એરોસ્પેસ, સીએરા એરોસ્પેસ અને રિલેટિવિટી સ્પેસનો સમાવેશ થાય છે. હવે સ્પેસ ક્ષેત્રે સૌની નજર વિક્રમ-વનના લોન્ચિંગ પર રહેલી છે, જે ભારતનું પ્રથમ પ્રાઈવેટ ઓબટલ લોન્ચ વેહિકલ બનશે. સ્પેસ ક્ષેત્ર સરકારી એજન્સીઓ સાથે સંકળાયેલું હોવાથી કેટલાક સંશોધનો માત્ર સરકારી રાહે જ થતાં હોવાનું મનાતું હતું. જોકે ભારત સ્પેસ સંશોધન ક્ષેત્રે હરણફાળ ભરી ચૂક્યું છે અને જ્યારથી સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ આવ્યાં છે ત્યારથી નવાં સંશોધનો જોવા મળી રહ્યાં છે, જેની વિશ્વએ પણ નોંધ લીધી છે. ૭ મેના રોજ દેશના પ્રથમ સ્પેસ-ટેક યુનિકોર્ન સ્ટાર્ટઅપની જાહેરાત કરવામાં આવી હતી.

પાક્કો ગુજરાત

મંગળવાર | 12 મે 2026 | અમદાવાદ

**સોશિયલ મીડિયામાંનર્મદા જિલ્લા પ્રમુખના નિવેદન સામે કાર્યકર્તાઓમાં ભારે રોષ**

# મનસુખ વસાવાએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની કરારી હાર બદલ જિલ્લા પ્રમુખની સામે આકરા પ્રહારો કર્યા હતા

રાજપીપળા

સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમા ભાજપાની કરારી હાર બદલ જાહેર મંચ ઉપરથી ભાજપી આગેવાનો અને કાર્યકર્તાઓની હાજરીમાં જિલ્લા પ્રમુખની ગેરહાજરીમાં જિલ્લા પ્રમુખ નીલ રાવનો ઉધડો લઈ હાર માટે કારણો સાથે જવાબદાર ઠેરવી ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સંગઠન બાબતે અને ચૂંટણી જીતાડવા બાબતે જિલ્લા પ્રમુખની બેદરકારી અને નિષ્ક્રિયતા સાબિત કરી જિલ્લા પ્રમુખ, મહામન્ત્રીઓ અને પ્રભારીમન્ત્રીને સાંસદે રીતસરના ધોઈ નાખ્યા હતાં અને હારના મનોમંથનની બેઠક બોલાવ્યા પછી જિલ્લા પ્રમુખનું સોસીયલ મીડિયામાં નર્મદા ભાજપ એક પરિવાર છે,એકતા જ સૌથી મોટી તાકાતછે જેવા શબ્દો સાથે ગોળ ગોળ શબ્દોમાં કરેલ નિવેદન સામે નર્મદા ભાજપાના કાર્યકર્તા ધુંવાપુવા થઈ ગયા હતાં અને સોસીયલ મીડિયામાં જિલ્લા પ્રમુખને જડબા તોડ જવાબ આપી આકરી ટિક્કા ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે આવી ખોટી માફી માંગવાનો કોઈ અર્થ નથી. જિલ્લા સંગઠને કોઈ કામ કર્યું જ નથી. જો કર્યું હોત તો પરિણામ જુદું જ હોત.

સાંસદ મનસુખભાઈની વાત સત્ય જ છે. ટિકિટ ફાળવણીથી લઈ, Ac ચેમ્બરમા બેસી મોબાઈલ જ ટીચ્યા છે.પરિણામની જવાબદારી તો સ્વીકારી છે તો રાજીનામુ આપવું પણ જવાબદારી છે. તેને બદલે હવે સાથે મળી મહેનત કરવાની વાત કરો છો. આતો પાર્ટીના જૂના વફાદાર અને સનિષ્ઠ કાર્યકરોને ફરી ચૂનો ચોપડવાની વાત છે.

એકવાર પાર્ટીએ લાયકાત ન હોવા છતાં જવાબદારી સોંપી. ભૂલ તમે કરો અને નુકશાન પાર્ટીને અને કાર્યકરોને.

આવા ખોટા અને લુચ્ચાઇ ભર્યા શબ્દોથી છેતરાયા વિના હવે પાર્ટીના પાયના કાર્યકર, જેમણે પાર્ટી માટે જીવન ખપાવી દીધું હોય તેવા વ્યક્તિઓને નવું સંગઠન રચી નર્મદા જિલ્લાની સુકાન સોપાય તે પાર્ટીના હિતમાં છે. જિલ્લા પ્રમુખ સામે કાર્યકર્તાઓમાં ભભુકેલો રોષ હવે બહાર આવી રહ્યો છે.



**નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે**

# "વૈશ્વિક ધોરણોને અનુરૂપ પ્રવાસન સ્થળોના વિકાસ" વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરામર્શ કાર્યશાળા અને સમીક્ષા બેઠકનો પ્રારંભ

રાજપીપળા

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નર્મદા જિલ્લાના કેવડિયા (એકતાનગર) ખાતે "વૈશ્વિક ધોરણોને અનુરૂપ પ્રવાસન સ્થળોના વિકાસ" વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરામર્શ કાર્યશાળાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યશાળામાં કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ, ઉદ્યોગ જગતના હિતધારકો તેમજ વિષય નિષ્ણાંતોએ ભાગ લીધો હતો. દેશભરમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, ટકાઉ અને અનુભૂતિ આધારિત પ્રવાસન સ્થળોના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કાર્યશાળાનો પ્રારંભ ભારત સરકારના પ્રવાસન મંત્રાલયના અધિક સચિવ તથા મહાનિર્દેશક સુમન બિલ્લાના પ્રારંભિક ઉદ્બોધનથી થયો હતો. ત્યારબાદ પ્રવાસન મંત્રાલયના સચિવ ભૂવનેશ કુમારે ઉપસ્થિતોને સંબોધિત કર્યા હતા. કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કાર્યશાળાની અધ્યક્ષતા સંભાળી ભારતના પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને ટકાઉ બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રવાસન આધારભૂત સુવિધાઓ અને પ્રવાસન સ્થળોના વિકાસ માટે કેન્દ્ર સરકાર સતત સહયોગ આપતી રહેશે, પરંતુ વિશ્વસ્તરીય પ્રવાસન સ્થળોના સંયુક્ત દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ સંકલિત આયોજન, ગંતવ્ય વ્યવસ્થાપન, વ્યવસાય સુગમતા, ટકાઉ વિકાસ અને હિતધારકોની સક્રિય ભાગીદારી દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવું આવશ્યક છે. કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી સુરેશ ગોપીએ પણ ઉપસ્થિતોને સંબોધિત કર્યા હતા અને ભારતના પ્રવાસન પરિતંત્રને વધુ મજબૂત બનાવવા તેમજ વિવિધ પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓના અનુભવને વધુ સમૃદ્ધ બનાવવા માટે સહયોગાત્મક પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.




# ટ્રેક્ટરની ટક્કરથી રીક્ષામાં બેઠેલા વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત : મહિલાને પણ ઇજા

## કંબોઇ ફાટા નજીક હિટ એન્ડ રન અકસ્માતમાં એકનું મોત

દાહોદ

દાહોદ જિલ્લાના ગોવિંદગુરૂ લીમડી તાલુકામાં કંબોઈ ફાટા નજીક રાત્રિના સમયે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ટ્રેક્ટર ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી રીક્ષાને અડફેટે લેતા આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ રૂપાખેડા ગામના ગડોર ફળીયામાં રહેતા સબાભાઈ ઉર્ફે છબોભાઈ દલાભાઈ પરમાર પરિવાર સાથે પોતાના કુટુંબીના લગ્ન પ્રસંગે ગણેશ સ્થાપનામાં હાજરી આપવા માટે રાત્રિના સમયે રીક્ષામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન કંબોઈ ફાટાથી કંબોઈ રોડ તરફ જતા સમયે સામે તરફથી આવતું ટ્રેક્ટર નંબર GJ-20-AH-7384 ના ચાલકે બેદરકારીપૂર્વક ટ્રેક્ટર હંકારી રીક્ષાની ડ્રાઈવર સાઈડ તરફ અડફેટે લીધું હતું.

અકસ્માત એટલો ગંભીર હતો કે રીક્ષામાં ડ્રાઈવર પાસે બેઠેલા સબાભાઈ પરમાર નીચે પટકાયા હતા અને તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન સબાભાઈ પરમારનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતમાં રીક્ષાની પાછળ બેઠેલી સુશીલાબેન તાબુભાઈ પસાયાને પણ ટ્રેક્ટરની ટ્રોલી વાગતાં તેમના જમણા હાથમાં ઈજા પહોંચી હતી. તેમને પણ સારવાર અર્થે દાહોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જ્યા બાદ ટ્રેક્ટર ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ઘટનાને પગલે પરિવારજનોમાં આક્રંદ મચી ગયો હતો.

# વઢવાણા પક્ષી અભયારણ્ય તંત્રની ઉદાસીનતાના રણમાં ફેરવાયું!

ડભોઇ

મધ્ય ગુજરાતનું ગૌરવ અને ડભોઈની ઐતિહાસિક ધરોહર ગણાતું વઢવાણા પક્ષી સરોવર આજે માનવસર્જિત આપત્તિનો સામનો કરી રહ્યું છે. જે સરોવર હજારો દેશ-વિદેશના યાયાવર પક્ષીઓના કલરવથી ગુંજતું હતું, તે આજે વહીવટી તાલમેલના અભાવે તરસ્યું અને ખાલીખમ ભાસી રહ્યું છે. ૧૬ કિલોમીટરમાં ફેલાયેલા આ વિશાળ જળાશયમાં અત્યારે માત્ર તળિયું દેખાઈ રહ્યું છે, જેના કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરકારી નિયમ મુજબ તળાવમાં કાયમી ધોરણે ૧૧ ફૂટનું લેવલ જાળવવાનું હોય છે, પરંતુ વાસ્તવિકતામાં માત્ર ૫.૧ ટકા જ પાણી બચ્યું છે.



સિંચાઈ વિભાગ અને વન વિભાગ વચ્ચેના ઝીરો તાલમેલને કારણે આજે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતું રામસર સાઈટનું આ સ્થળ સુકાઈ રહ્યું છે. પાણીના અભાવે હજારો પક્ષીઓ પોતાનું આશ્રયસ્થાન છોડી અન્યત્ર જવા મજબૂર બન્યા છે, જેનાથી સ્થાનિક ઈકો-સિસ્ટમને ક્યારેય ન ભરાય તેવું નુકસાન થઈ શકે છે.

વઢવાણા તળાવ માત્ર પક્ષીઓ માટે જ નહીં, પણ આસપાસના ૧૨ ગામો અને ૧૦ વસાહતો માટે જીવાદોરી છે. પશુપાલન માટે પાણીના વલખાં મારતા પશુઓ માટે પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. પ્રવાસીઓની સંખ્યા ઘટતા સ્થાનિક ગાઈડ અને નાના વેપારીઓની રોજીરોટી પર સીધી અસર પડી છે.

**નિયમ મુજબ 11 ફૂટ પાણી હોવું જોઇએ, તેના બદલે માત્ર 5.1% પાણી બચ્યું: ગાયકવાડી વારસો પાયમાલ થવાના આરે**

# "બીજી પત્ની લાવવી છે" કહી માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાનો આક્ષેપ

## પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે સાસુએ પહેરેલા કપડાંએ જ ઘર બહાર કાઢી મૂકી હતી

દાહોદ

દાહોદ જિલ્લાના ગુરુગોંવિંદ લીમડી તાલુકાના ધોળા ખાખરા ઝાબ ફળીયામાં રહેતી એક પરિણીતાએ પોતાના પતિ સહિત સાસરીયાઓ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

ફરિયાદ મુજબ રવિનાબેન રૂમાલભાઈ ડામોરના લગ્ન તા.૦૪/૦૪/૨૦૨૪ના રોજ રળીયાતી ભુરા ડુંગર ફળીયાના કલ્પેશભાઈ નરસિંગભાઈ ભાભોર સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નના શરૂઆતના સમયગાળામાં દંપતિ વચ્ચે બધું સામાન્ય રહ્યું હતું, પરંતુ બાદમાં પતિ દ્વારા નાની નાની બાબતોમાં ઝઘડા કરી અન્ય પુરુષો સાથે શંકા-વહેમ રાખી મારકૂટ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિણીતાના જણાવ્યા અનુસાર પતિ વારંવાર "તું મને ગમતી નથી, મારે બીજી પત્ની લાવવી છે" કહી અપમાનજનક શબ્દોમાં ગાળો બોલી ઘર છોડીને જવા દબાણ કરતા હતા. બહારગામ મજૂરી કામે ગયેલા સમયે પણ ફોન પર માતા-પિતા સાથે વાતચીત કરતી વખતે પતિ તથા જેઠ દ્વારા શંકા રાખી મારપીટ કરાઈ હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે પરિણીતાના પિતાએ બંને ગામોના પંચો ભેગા કરી અનેક વખત સમાધાનનો પ્રયાસ કર્યો હતો, છતાં પતિ તેને પરત લઈ જવા તૈયાર નહોતો. સસરા નરસિંગભાઈ ભાભોર અને સાસુ લલીતાબેન ભાભોર પણ "અમારે બીજી પત્ની કરાવવી છે" કહી ત્રાસ આપતા હોવાનું જણાવાયું છે. પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે સાસુએ પહેરેલા કપડાંએ જ ઘર બહાર કાઢી મૂકી હતી, જ્યારે જેઠ જગદીશભાઈ તથા મિતેશભાઈ પણ પતિને ચઢામણીઓ કરી મારકૂટ કરાવતા હતા.

# ઓલપાડ કાંઠાની કપાસી ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતીથી પસાર

## ગ્રા.પં.ના 08 વોર્ડના તમામ સભ્યોએ અગાઉ સરપંચ વિરૂધ્ધ નિયમોનુસાર અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી

ઓલપાડ

ઓલપાડ તાલુકાની કપાસી ગ્રુપ ગ્રા.પં.માં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી રાજકીય ગરમા-ગરમીનો અંત આવ્યો છે.કોંગ્રેસ જૂથની મનાતી ગામની મહિલા સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ વિરૂધ્ધ અગાઉ રજુ થયેલ અવિશ્વાસની દરખાસ્ત સોમવારે મળેલ ગ્રા.પં.ની ખાસ સભામાં પૂર્ણ બહુમતીથી પસાર થતા તાલુકાના પંચાયતી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. કપાસી ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ ગામના કુલ ૦૮ વોર્ડ સભ્યો સાથે ગામનો વહીવટ કરી રહી હતી.જો કે મહિલા સરપંચ ના વહીવટ સામે તેમના જૂથના બહુમતી વોર્ડ સભ્યોના અસંતોષને કારણે ઘણા સમયથી ગામમાં વિવાદ જોવા મળી રહ્યો હતો.આ વિવાદ ચરમસીમાએ પહોંચતા ગ્રા.પં.ના કુલ ૦૮ વોર્ડ સભ્યો દ્વારા અગાઉ ગત તા. ૧૭/૦૩/૨૦૨૬ ના રોજ નિયમોનુસાર કાર્યવાહી કરી મહિલા સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતી સહીથી ઓલપાડ ટીડીઓ સમક્ષ રજુ કર્યો હતો.જો કે ગુ. પં.અધિનિયમની જોગવાઈ મુજબ આ પ્રસ્તાવ રજુ થયા બાદ યોગ્ય નિર્ણય માટે ગ્રા.પં.ના સરપંચે ૧૫ દિવસમાં ખાસ સભા બોલાવવાની જોગવાઈ છે.પરંતુ કપાસી ગ્રુપ ગ્રા.પં. ની મહિલા સરપંચે ગુ.પં.અધિનિયમની અવગણના કરી નિયત સમય મર્યાદામાં ખાસ સભા બોલાવી ન હતી અને હોદ્દા ઉપર ચીપકી રહી હતી.જેથી આ મામલે ઓલપાડ તાલુકા વિકાસ અધિકારીને ગત તા.૦૧/૦૪/૨૦૨૬ ના પત્રથી લેખિત જાણ કરતા ટીડીઓએ આ મામલે કાર્યવાહી કરવા તા.૧૧ મે ના રોજ ગ્રા.પં.ની ખાસ બેઠક બોલાવવા હુકમ કર્યો હતો. જે હુકમનો અમલ કરી આ બાબતનો નિર્ણય કરવા માટે ગામના તલાટી કમ-મંત્રીએ ગ્રા.પં.ની ખાસ સભા આજે સોમવાર,તા.૧૧ ના રોજ બપોરે- ૧૨:૦૦ કલાકે ગ્રા. પં.ઓફિસમાં બોલાવી હતી. ગ્રા. પં.ની આ સભા ઓલપાડ તાલુકાના ઈન્ચાર્જ વિસ્તરણ અધિકારી રાજેશ બોદર્યાના અધ્યક્ષ સ્થાને મળતા આ સભામાં ગામની સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ સહિત ગ્રા.પં. વોર્ડ ના ૦૮ વોર્ડ સભ્યો તમામે હાજર રહી સરપંચને હોદ્દા પરથી બરતરફ કરવા અવિશ્વાસ પ્રસ્તાવના મતદાન માં ભાગ લીધો હતો.જે સભામાં ૦૮ સભ્યોએ હાથ ઉંચો કરી સરપંચની વિરૂધ્ધમાં મતદાન કર્યું હતું અને સરપંચ તેજલબેન પટેલે પોતાની તરફેણમાં મતદાન કરતા તેમને માત્ર એક મત મળતા સરપંચને હોદ્દા પરથી દુર કરવા અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતીથી પસાર થયો હતો.

# સેક્ટર-10 પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરીની નજીક રાષ્ટ્રીય પક્ષી મોરનું મોત

ગાંધીનગર

ગાંધીનગરમાં જ્યાં એકતરફ વનરાજી અને પર્યાવરણના જતનની મોટી વાતો કરવામાં આવે છે, ત્યાં બીજીતરફ રાષ્ટ્રીય પક્ષી મોરની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સેક્ટર-10 સ્થિત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરી નજીક આજે સવારે એક મોરનો મૃતદેહ અત્યંત ક્ષત-વિક્ષત હાલતમાં મળી આવતા સ્થાનિકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાએ વન વિભાગ અને સ્થાનિક તંત્રની કામગીરી પર અનેક પ્રશ્નાર્થો સર્જ્યા છે.

ગાંધીનગરના સેક્ટર-10નો આ વિસ્તાર ગાઢ વૃક્ષો અને વનરાજીથી ઘેરાયેલો હોવાને કારણે વર્ષોથી પશુ-પક્ષીઓ માટે કુદરતી આશ્રય સ્થાન રહ્યો છે. જોકે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં રખડતા કૂતરાઓનો આંતક જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મોરનો મૃતદેહ જે હાલતમાં મળ્યો છે તે જોતા જણાય છે કે કૂતરાઓએ તેને ફાડી ખાધો છે. અહીં મોરના પીંછા ચારેતરફ વિખરાયેલા જોવા મળ્યા હતા. વન્યજીવો માટે સુરક્ષિત ગણાતા પાટનગરમાં જ રાષ્ટ્રીય પક્ષી અસુરક્ષિત હોવાની બાબતે પર્યાવરણ પ્રેમીઓમાં ઘેરા પ્રત્યાઘાતો પાડ્યા છે.

**પાલનપુર LCBનો મોટો ધડાકો**

# લક્ઝરી ફોર્ચ્યુનરમાં દારૂની હેરાફેરી કરતા બુટલેગરને દબોચ્યો!

પાલનપુર

બનાસકાંઠા પોલીસ હવે બુટલેગરો માટે કાળ સાબિત થઈ રહી છે. રાજ્ય સરકારની દારૂબંધી અંગેની 'ઝીરો ટોલરન્સ' નીતિને સાર્થક કરતા, પાલનપુર લોકલ ક્રાઈમ બ્રાંચે (LCB) બાતમીના આધારે દાંતીવાડાના નાની મહુડી ગામ પાસે વોચ ગોઠવી એક લક્ઝરી ફોર્ચ્યુનર ગાડીમાંથી લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે.

બનાસકાંઠા રેન્જ આઈજી શ્રી પરીક્ષિતા રાઠોડ અને એસપી શ્રી પ્રશાંત સુંબેની કડક સૂચના બાદ, એલસીબી ઈન્ચાર્જ પીઆઈ ડી. એમ. રાઠોડના નેતૃત્વમાં





અલગ-અલગ ટીમો સરહદી વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પીએસઆઈ આર.બી. જાડેજાની ટીમને મળેલી ચોક્કસ હકીકતના આધારે એક સફેદ રંગની ફોર્ચ્યુનર ગાડીને આંતરવામાં આવી હતી.

પોલીસે જ્યારે લક્ઝરી ફોર્ચ્યુનરની તલાશી લીધી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ગાડીમાંથી ઠાંસી-ઠાંસીને ભરેલો દારૂ મળી આવ્યો હતો.

બુટલેગરો પોલીસને થાપ આપવા માટે કેવા પેંતરા રચે છે તેનું ઉદાહરણ અહીં જોવા મળ્યું. પકડાયેલ આરોપીએ ગાડી પર સાચા નંબરની જગ્યાએ બનાવટી નંબર પ્લેટ લગાવી હતી. આ મામલે પોલીસે પ્રોહીબીશન એક્ટની સાથે સાથે ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ છેતરપિંડીનો ગુનો પણ નોંધ્યો છે. હાલમાં પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં દારૂ ભરાવનાર અને મંગાવનાર અન્ય શખ્સો વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી તેજ કરી દેવામાં આવી છે.

# મકતુપુર-બ્રાહ્મણવાડા વચ્ચે ટ્રક અને કાર વચ્ચે કાળમુખો અકસ્માત

- **બે યુવકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત: અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચરણઘાણ વળી ગયો**



ઊંઝા

ઊંઝા-મહેસાણા હાઈવે પર અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો છે. ગત મોડી રાત્રે મકતુપુર અને બ્રાહ્મણવાડા ગામની સીમમાં ટ્રક અને કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની વિગત

મળતી માહિતી મુજબ, ઊંઝાના મકતુપુર અને બ્રાહ્મણવાડા વચ્ચેથી પસાર થઈ રહેલી એક ખાનગી કારને પૂરપાટ ઝડપે આવતી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો આગળનો ભાગ પડીકું વળી ગયો હતો. અકસ્માતના અવાજને પગલે આસપાસના લોકો અને વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

બચાવ કામગીરી અને ઈજાગ્રસ્તો

* મૃત્યુ: કારમાં સવાર એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

* ઈજાગ્રસ્ત: અન્ય બે યુવકોને શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

* પોલીસ કાર્યવાહી: ઘટનાની જાણ થતા જ ઊંઝા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી.

# માસમા ગામની સીમના ખુલ્લા ગોડાઉનમાંથી ચોરાયેલ લોખંડ પાઇપ ચોરી ગુનાનો ભેદ ઉકેલાયો

## પોલીસે સૌરાષ્ટ્રના બે ચોર યુવકોને ચોરીના પાઇપ સહિત રૂ.32,500ના મુદ્દામાલ સાથે દબોચી લીધા

ઓલપાડ

ઓલપાડ તાલુકાના માસમા ગામની સીમના ખુલ્લા ગોડાઉન માંથી રૂ.૭,૫૦૦ ની કિંમતના ચોરાયેલ ૧૦૦ નંગ લોખંડના પાઈપ ચોરીના ગુનામાં પોલીસે સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લા ના બે યુવકોને ચોરીના પાઈપ સહિત રૂ.૩૨,૫૦૦ ના મુદ્દામાલ સાથે દબોચી લીધા જેલમાં ધકેલી દીધા છે.સુરત શહેરના કતારગામ વિસ્તાર માં ગજેરા સ્કૂલ પાસેની ધનરાજ નગર સોસાયટીના મ.નં.૭૬/૭૭ માં રહેતા અનિરૂદ્ધસિંહ દેવસંગ ચૌહાણનું માસમા ગામની સીમમાં સાંઇ શ્રધ્ધા વિભાગ-૧ ના પ્લોટ નં:૧ અને ૨ માં સિવિલ કંસ્ટ્રકશન નો સામાન મુકવાનું ખુલ્લું ગોડાઉન આવેલ છે.જે ગોડાઉનમાંથી ગત તા.૦૨ ના રોજ બપોરે-૧૧:૩૦ વાગ્યાંના સમયે ગોડાઉન ઉપર એકટીવા મોપેડ લઈને આવેલ ચોરટા ૨૫૦ કિ.ગ્રા. વજન ના ૧૬૦૦ એમ.એમ.સાઈઝ ના ૧૦૦ નંગ જેટલા લોખંડના પાઈપ,જેની કિંમત રૂ.૭,૫૦૦ બાંધી ચોરી કરીને ફરાર થઈ ગયા હતો.આ બાબતે ગત તા.૦૯,મે ના રોજ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનાવાળી જગ્યા તથા આજુબાજુના સી.સી.ટી.વી ફુટેજ સહિત હ્યુમન સોર્સીસના આધારે તપાસ શરૂ કરી હતી.આ તપાસ દરમ્યાન અ.હે.કો અશોક ગણપતની પોલીસ ટીમને સંયુક્ત બાતમી મળી હતી કે,આ ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓ એકટીવા મોપેડ ઉપર લોખંડના પાઈપો લઈને માસમા ગામની સીમમાં વલકલ નહેરવાળા રસ્તાથી કિરણ મેડીકલ કોલેજ તરફ જનાર છે.જે બાતમીના આધારે પોલીસે બાતમી સ્થળ નજીક વોચ ગોઠવી હતી.તે દરમ્યાન બે આરોપીઓ એક્ટીવા મોપેડ નં:

જીજે-૦૫,જી. એલ-૪૨૯૧ ઉપર ૧૫ નંગ પાઈપ બાંધીને પસાર થઈ રહ્યા હતાં,ત્યારે પોલીસે બંન્નેને આંતરી પૂછપરછ કરતા આ પાઈપ તેઓએ માસમા ગામના ગોડાઉન માંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી.જેથી પોલીસે અર્પિત નટુભાઇ લોડલીયા (ઉ.વ.૨૪)તથા રાજ કલ્પેશભાઈ ધાનાણી(ઉ.વ.૨૩)ને ઝડપી બંન્ને ચોરટાઓની પૂછપરછ દરમ્યાન તેઓએ કહ્યું હતું કે,હાલમાં બંન્ને સુરત શહેરના કોસાડની હદમાં શ્રુષ્ટિ રો-હાઉસ પાસેના સ્વસ્તિક પાર્ક એપાર્ટમેન્ટના એ/૨-૪૦૧ માં રહે છે અને બંન્ને મુળ ભાવનગર જિલ્લા ના વલભીપુર તાલુકાના કલ્યાણપુર ગામના વતની છે અને બંન્ને ખાનગી નોકરી કરે છે.જયારે પોલીસે ચોરીના બીજા પાઈપો બાબતે વધુ પૂછપરછ કરતા તેઓએ કહ્યું કે, બાકીના પાઈપો માસમા ગામની વલકલ નહેર ઉપર એક ખેતરની બાજુમાં આવેલ ઝાડી ઝાંખરામાં સંતાડેલ છે.





### લેજન્ડરી લવ સ્ટોરીનો ટ્રેજિક અંત રડાવી દેશે

# અનન્યા-લક્ષ્ય ની 'ચાંદ મેરા દિલ'નું ટ્રેલર રિલીઝ

મુંબઈ

બોલિવૂડમાં ફરી પ્રેમ કહાનીનો દોર પાછો ફરી રહ્યો હોય તેમ લાગે છે. ધર્મા પ્રોડક્શન્સના બેનર હેઠળ બનેલી ફિલ્મ 'ચાંદ મેરા દિલ'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે. આ ફિલ્મમાં 'કિલ' ફેમ લક્ષ્ય લાલવાની અને અનન્યા પાંડેની ફ્રેશ જોડી જોવા મળી રહી છે. બે દિલ, એક ભૂલ અને અધૂરી પ્રેમ કહાની! આશરે 3 મિનિટનું આ ટ્રેલર દર્શાવે છે કે આ કોઈ 'પરફેક્ટ' લવસ્ટોરી નથી, પણ એક એવી કહાણી છે જેમાં પ્રેમની સાથે સાથે ભૂલો અને તેનો ટ્રેજિક અંત બતાવવામાં આવ્યો છે. ટ્રેલરમાં અનન્યા પાંડેનો એક ડાયલોગ ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે: 'ઈજ્જત પ્યાર સે બડી હોતી હૈ.' વિવેક સોનીના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મમાં લક્ષ્ય-અનન્યા વચ્ચેની કેમેસ્ટ્રી જોવા જેવી છે. ટ્રેલરની શરૂઆત એક ભાવુક દ્રશ્યથી થાય છે જ્યાં લક્ષ્ય માફી માંગી રહ્યો છે, જ્યારે ફ્લેશબેકમાં તેની રોમેન્ટિક દુનિયા બતાવવામાં આવી છે. ટ્રેલર રિલીઝ થતા જ ચાહકો તેની સરખામણી સુપરહિટ રોમેન્ટિક ડ્રામા 'સૈયારા' સાથે કરી રહ્યા છે. યૂઝર્સનું કહેવું છે કે આ ફિલ્મમાં 'સૈયારા' જેવો જ અહેસાસ છે, પરંતુ લવસ્ટોરીમાં 'કબીરસિંહ' જેવો ટ્વિસ્ટ આવતો હોય તેવું પણ લાગી રહ્યું છે. ફિલ્મમાં પ્રેમની રજૂઆત થોડી વધુ મેચ્યોર છે. ટ્રેલરમાં લક્ષ્યનો એક ડાયલોગ કે, 'લેજન્ડરી લવ સ્ટોરીઝનો અંત જ તો ટ્રેજિક હોય છે,' દર્શકોના દિલ જીતી રહ્યો છે. સોશિયલ મીડિયા પર અનન્યા પાંડેના એક્ટિંગમાં આવેલા સુધારાના ખૂબ વખાણ થઈ રહ્યા છે. તો બીજી તરફ લક્ષ્યના અવાજ અને તેની તીવ્ર લાગણીઓ વ્યક્ત કરવાની રીત પર પણ ફેન્સ ફિદા છે. ફિલ્મના ગીતો તો પહેલાથી જ ચાર્ટબસ્ટર સાબિત થયા છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ હેઠળ તૈયાર થયેલી આ ફિલ્મમાં સ્ટારકાસ્ટની વાત કરીએ તો, અનન્યા પાંડે અને લક્ષ્ય લાલવાની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ જોડી ઉપરાંત ફિલ્મમાં આસ્થા સિંહ, પ્રથમ રાઠોડ અને એલ્વિસ જોસ પણ મહત્વના પાત્રો ભજવી રહ્યા છે.

# સાઉથ એક્ટર ભરત કાંત અને સિનેમેટોગ્રાફરનું કરુણ મોત

### ટ્રક સાથે કાર અથડાતા ગમખ્વાર અકસ્માત; 'બિગ બોસ' ફેમ આશુ રેડ્ડીએ દુઃખ વ્યક્ત કર્યું

મુંબઈ

તેલુગુ એક્ટર ભરત કાંતનું હૈદરાબાદમાં એક માર્ગ અકસ્માતમાં મોત થયું. આ અકસ્માતમાં સિનેમેટોગ્રાફર જી. સાઈ ત્રિલોકનો પણ જીવ ગયો. આ દુર્ઘટના આદિબાટલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આઉટર રિંગ રોડ (ORR) ના એક્ઝિટ નંબર 12 નજીક થઈ હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા ન્યૂઝ એજન્સી ANI અનુસાર, પોલીસે જણાવ્યું કે, 'અકસ્માત રવિવારે મોડી રાત્રે થયો હતો, જ્યારે કાર પાછળથી એક ટ્રક સાથે અથડાઈ હતી. ઘટના બાદ પોલીસે કેસ નોંધી લીધો છે અને બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે.' આદિબાટલા પોલીસે જણાવ્યું કે, 'અકસ્માતના કારણોની તપાસ ચાલુ



છે.' ભરત કાંતે 2021ની ફિલ્મ 'ગ્રામમ' અને 2024ની ફિલ્મ 'ટેનન્ટ'માં કામ કર્યું હતું. 'બિગ બોસ' ફેમ અને ટીવી એક્ટ્રેસ આશુ રેડ્ડીએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરીને ભરત કાંતના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. ભરત કાંત તેના નજીકના મિત્ર હતા. આશુ રેડ્ડીએ ઈન્સ્ટાગ્રામ પર ભરત સાથેની પોતાની કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા. તેણે લખ્યું, 'તારા વિના જે ખાલીપો આવ્યો છે, તે ક્યારેય ભરાશે નહીં. તું હંમેશા મારા હૃદયમાં રહીશ.' તેણે એક અન્ય પોસ્ટમાં લખ્યું, 'મને તારા નિધનના સમાચાર પર વિશ્વાસ નથી થઈ રહ્યો. કાશ આ સાચું ન હોત. આપણે બંનેએ સાથે જે પળો વિતાવી અને જે પ્રેમ તે મને આપ્યો, તેને હું ક્યારેય નહીં ભૂલું. તારા જવાનું દુઃખ ક્યારેય ઓછું નહીં થાય. તું હંમેશા અમારા હૃદયમાં રહિશ.'

# જેકલીનની છટકબારી સામે EDની લાલ આંખ

### સરકારી સાક્ષી બનાવવાની ઘસીને ના પાડી દીધી

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિઝની મુશ્કેલીમાં વધારો થયો છે. 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં બોયફ્રેન્ડ સુકેશ ચંદ્રશેખર વિરુદ્ધ જઈને 'સરકારી સાક્ષી' બનવાની અરજી સામે ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ વાંધો ઉઠાવ્યો છે. EDએ અરજીનો વિરોધ કર્યો હતો અને દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે, 'તેની (જેકલીન) વિરુદ્ધ પૂરતા પુરાવા છે.' 'જેકલીને જાણીજોઈને ગેરકાયદેસર નાણાંનો આનંદ માણ્યો છે' EDએ દાવો કર્યો છે કે, 'જેકલીન સુકેશના ગુનાહિત પૃષ્ઠભૂમિ (ક્રિમિનલ બેકગ્રાઉન્ડ)થી સંપૂર્ણપણે વાકેફ હતી પરંતુ તેણે હજુ પણ તેની સાથેના તેના સંબંધો ચાલુ રાખ્યા અને તેની પાસેથી મોંઘી ભેટો સ્વીકારી, અને તેની પાસેથી ગેરકાયદેસર નાણાંનો આનંદ માણ્યો.' એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોમવારે કોર્ટને જણાવ્યું હતું કે, તેઓ એક્ટ્રેસની 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી બનવાની અરજીનો વિરોધ કરી રહ્યા છે. સરકારી સાક્ષી કોણ બની શકે છે? સરકારી સાક્ષી એ એક આરોપી વ્યક્તિ છે, જે સંભવિત કાનૂની રાહત મેળવવાના બદલામાં મુખ્ય આરોપી વિરુદ્ધ માહિતી અને પુરાવા શેર કરીને તપાસકર્તાઓને મદદ કરવા સંમત થાય છે. જેકલીને તાજેતરમાં ચાલી રહેલા કેસમાં સરકારી સાક્ષી બનવાની પરવાનગી માંગવા માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો. ED એ કોર્ટમાં દાવો કર્યો કે, 'જેકલીન આ મામલામાં માત્ર નિષ્ક્રિય સહભાગી ન હતી.' એજન્સીએ જણાવ્યું કે, 'તેણે ગુનાની કમાણીમાંથી જાણી જોઈને લાભ મેળવ્યો હતો અને સુકેશ સાથે કોલ અને મેસેજ દ્વારા નિયમિત સંપર્ક જાળવી રાખ્યો હતો.' તપાસકર્તાઓએ વધુમાં દલીલ કરી કે તેને સરકારી સાક્ષી બનવાની મંજૂરી આપવાથી કેસની ગંભીરતા નબળી પડી શકે છે.' જેકલીન ફર્નાન્ડિઝે તેની સામેના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેણે અગાઉ જણાવ્યું હતું કે, સુકેશે એક સાચા ઉદ્યોગપતિ હોવાનો ઢોંગ કરીને તેને ગેરમાર્ગે દોરી હતી અને ભાવનાત્મક રીતે હેરાન કરી હતી. એક્ટ્રેસે એવો પણ દાવો કર્યો છે કે, આ વિવાદે તેના અંગત જીવન અને વ્યાવસાયિક કારકિર્દી બંનેને નકારાત્મક અસર કરી છે. આ કેસ કથિત 200 કરોડના ખંડણી રેકેટ સાથે સંબંધિત છે. તપાસકર્તાઓનો દાવો છે કે, સુકેશ ચંદ્રશેખરે રાજકીય રીતે જોડાયેલા વ્યક્તિ તરીકે રજૂઆત કરીને ઘણા હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓને છેતર્યા હતા, જે કાયદાકીય બાબતોને ઉકેલવામાં મદદ કરી શકે છે.



# 'લગાન' બાદ ફરી મેદાનમાં ઉતરશે આમિર ખાન-આશુતોષ ગોવારિકર

### લાલા અમરનાથની બાયોપિક આમિર ખાનના આગામી મહત્વના પ્રોજેક્ટ્સની શરૂઆત માનવામાં આવે છે. આ ઉપરાંત, ચાહકો માટે અન્ય એક મોટા સમાચાર એ છે કે '3 ઈડિયટ્સ' ની સિક્વલ માટે પણ અટકળો તેજ બની છે

મુંબઈ

ભારતીય સિનેમાના ઈતિહાસમાં 'લગાન' જેવી ક્લાસિક ફિલ્મ આપનાર આમિર ખાન અને આશુતોષ ગોવારિકરની જોડી ફરી એકવાર રૂપેરી પડદે ધમાકો કરવા તૈયાર છે. લગભગ અઢી દાયકા બાદ આ સુપરહિટ જોડી ક્રિકેટના મેદાન પર વાપસી કરી રહી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, આમિર ખાન હવે ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી લાલા અમરનાથના જીવન પર આધારિત બાયોપિકમાં મુખ્ય ભૂમિકા ભજવતા જોવા મળશે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ફિલ્મની સ્ક્રિપ્ટ પર અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે અને સપ્ટેમ્બર 2026 થી તેનું શૂટિંગ શરૂ થાય તેવી પ્રબળ શક્યતા છે. 'લગાન' એક કાલ્પનિક વાર્તા હતી, પરંતુ આ નવી ફિલ્મ વાસ્તવિક જીવનની ઘટનાઓ અને 1947 ના ભારત-પાકિસ્તાનના ભાગલાના કપરા સમયની પૃષ્ઠભૂમિ પર આધારિત હશે. આ ફિલ્મમાં લાલા અમરનાથના સંઘર્ષ, તેમની ક્રિકેટ સફર અને દેશના વિભાજન સમયે પડેલી મુશ્કેલીઓને ભાવનાત્મક રીતે વણી લેવામાં આવશે. આ ફિલ્મને વધુ સચોટ અને પ્રભાવશાળી બનાવવા માટે નિર્માતાઓએ કોઈ કસર બાકી રાખી નથી. અહેવાલો મુજબ, જાણીતા દિગ્દર્શક રાજકુમાર હિરાની અને લેખક અભિજાત જોશીએ પણ સ્ક્રિપ્ટ-રીડિંગ સત્રોમાં હાજરી આપી છે અને વાર્તાને શુદ્ધ કરવા માટે મહત્વના સૂચનો આપ્યા છે. વ્યાપક સંશોધન અને વર્કશોપ બાદ આ ફિલ્મનું પ્રી-પ્રોડક્શન મોટા પાયે શરૂ કરવામાં આવશે. ફિલ્મમાં અન્ય એક અગ્રણી અભિનેતા પણ મુખ્ય ભૂમિકામાં જોડાઈ શકે છે, જે લાલા અમરનાથના નજીકના મિત્ર તરીકે જોવા મળશે. લાલા અમરનાથની બાયોપિક આમિર ખાનના આગામી મહત્વના પ્રોજેક્ટ્સની શરૂઆત માનવામાં આવે છે. આ ઉપરાંત, ચાહકો માટે અન્ય એક મોટા સમાચાર એ છે કે '3 ઈડિયટ્સ' ની સિક્વલ માટે પણ અટકળો તેજ બની છે. જો બધું આયોજન મુજબ ચાલશે તો 2027 ના ઉત્તરાર્ધમાં '3 ઈડિયટ્સ' ના બીજા ભાગ પર કામ શરૂ થઈ શકે છે. હાલમાં તો આમિર ખાન ફરી એકવાર ક્રિકેટ બેટ પકડીને સિનેમાઘરોમાં જાદુ ચલાવવા માટે સજ્જ થઈ રહ્યો છે.





# ધી પોર્ટલ ઓફ ફોર્સ ફિલ્મથી દિશા પટાણીનું હોલિવુડમાં ડેબ્યૂ

### ઈન્ટરનેશનલ કાસ્ટ સાથે કામ કરવાથી પોતે ઘણું બધું શીખી હોવાનું દિશાએ જણાવ્યું, - જેસિકા નામની યુવતીના રોલમાં દેખાશે

મુંબઈ

ભારતીય અભિનેત્રી દિશા પટાણીએ હોલિવુડમાં ડેબ્યુ કર્યું છે. તે 'ધી પોર્ટલ ઓફ ફોર્સ' ફિલ્મમાં જેસિકા નામની યુવતીના પાત્રમાં દેખાશે. ફિલ્મમાં તેના સહકલાકારોમાં કેવિન સ્પેસી અને ટાયરેસ ગિબ્સનનો સમાવેશ થાય છે. આ સુપર નેચરલ હોરર થ્રીલર ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં રીલિઝ કરાયું છે. દિશાએ આ નિમિત્તે ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે ઈન્ટરનેશનલ કાસ્ટ સાથે કામ કરવાથી પોતે ઘણું બધું શીખી છે. ઉલ્લેખનીય છે કે બોલિવુડમાં દિશા પટાણી મોટાભાગે ટાઈગર શ્રોફ સાથે અફેર તથા બ્રેક અપના કારણે જ ચર્ચામાં રહી છે.

તેણે હિન્દી તથા તેલુગુ સહિતની ફિલ્મોમાં કામ કર્યું છે પરંતુ પોતાનું ખાસ કોઈ સ્થાન બનાવી શકી નથી. તાજેતરમાં વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'ઓ રોમિયો'માં તેણે તદ્દન નજીવી ભૂમિકા કરી હતી. દિશા અને તલવિંદર વિશેના પ્રથમ સમાચાર સામે આવ્યા, જ્યારે તેઓ નુપુર સેનનના લગ્નમાં સાથે જોવા મળ્યા હતા. દિશા સાથે તલવિંદરે પણ રિસેપ્શનમાં હાજરી આપી હતી. દિશા સાથે ન હોવા છતાં, તલવિંદર તેની નજીકની મિત્ર મૌની રોય સાથે પોઝ આપતો જોવા મળ્યો હતો. તેઓ ઘણી વખત હાથમાં હાથ નાખીને ચાલતા જોવા મળ્યા હતા. આનાથી હવે ચાહકોમાં ચર્ચા શરૂ થઈ છે. જો કે, દિશા કે તલવિંદરે સત્તાવાર રીતે આ સંબંધની હજીસુધી પુષ્ટિ કરી નથી.

નોંધનીય છે કે, દિશા લાંબા સમયથી ટાઈગર શ્રોફ સાથે જોડાયેલી હતી. જો કે, તે સંબંધને લઈને પણ ક્યારેય તેણીએ પુષ્ટિ કરી નથી, બંનેના વેકેશન અને રજાઓના અસંખ્ય ફોટા તેમના ક્વોલિટી ટાઈમનો સંકેત આપતા હતા. દિશાનું નામ હાલમાં તલવિંદર સાથે જોડાઈ રહ્યું છે. ચાહકો તેમના ફોટા અને વીડિયોને ખૂબ પસંદ કરી રહ્યા છે, અને સત્તાવાર જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ઉંમરના તફાવતની વાત કરીએ તો, તલવિંદર દિશા પટણી કરતા પાંચ વર્ષ નાનો છે.


# શિલ્પા શેટ્ટી લાવશે નવો મજેદાર ઓટીટી શો, સુનિતા આહુજા કરશે ધમાકેદાર ડેબ્યૂ

મુંબઈ

બોલીવુડ અને ટીવીમાં કુકિંગ રિયાલિટી શોનો ક્રેઝ સતત વધી રહ્યો છે. જોકે, જ્યારે કોઈ શોમાં કોમેડી, ફેમિલી બોન્ડિંગ અને સેલિબ્રિટીના દેખાવનો સમાવેશ થાય છે, ત્યારે દર્શકોનો ઉત્સાહ વધુ વધી જાય છે. હવે, એક નવો શો ટૂંક સમયમાં OTT પ્લેટફોર્મ પર આવવાનો છે, અને સોશિયલ મીડિયા પર તેની ચર્ચા શરૂ થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, આ શો બોલીવુડની ફિટનેસ ક્વીન અને ગ્લેમરસ સ્ટાર શિલ્પા શેટ્ટી દ્વારા હોસ્ટ કરવામાં આવશે, જેમની સ્ટાઈલ હંમેશા દર્શકોનું મનોરંજન કરતી રહી છે.

શિલ્પા શેટ્ટી તેની ફિલ્મી કારકિર્દી માટે જાણીતી છે, પરંતુ તેણે ટીવી શો દ્વારા પણ પોતાનું એક અલગ સ્થાન બનાવ્યું છે.

હવે, તે ટૂંક સમયમાં એક નવો કોમેડી-કુકિંગ શો, "મા હૈ ના" હોસ્ટ કરતી જોવા મળશે. આ શો એક અલગ ખ્યાલ પર આધારિત હશે, ફક્ત રસોઈ જ નહીં, પરંતુ માતા-બાળકના સંબંધો, મજેદાર મજાક અને ભાવનાત્મક બંધન પર પણ આધારિત હશે. આ શો OTT પ્લેટફોર્મ ZEE5 પર સ્ટ્રીમ કરવામાં આવશે. એવું જાણવા મળ્યું છે કે આ શોમાં ઘણી સેલિબ્રિટી માતાઓ અને તેમના બાળકો ભાગ લેશે. તેમાં સુનિતા આહુજા અને તેમની પુત્રી ટીના આહુજાનો પણ સમાવેશ થશે. આ શો સુનિતાના રિયાલિટી શોની દુનિયામાં પ્રથમ પ્રવેશ હશે. સુનિતાએ સોશિયલ મીડિયા દ્વારા નોંધપાત્ર ખ્યાતિ મેળવી હોવા છતાં, તેને ટીવી શોમાં જોવી એ ખરેખર એક અદ્ભુત અનુભવ હશે. સુનિતા ઉપરાંત, પ્રખ્યાત ટીવી અભિનેત્રી ઉર્વશી ધોળકિયાને પણ આ શો સાથે જોડવામાં આવી રહી છે. આ શો વિવિધ પેઢીઓ વચ્ચેના સંબંધોને રમૂજી રીતે ઉજાગર કરશે, જેમાં રસોડું માત્ર રસોઈ માટેનું સ્થળ નહીં, પણ લાગણીઓ અને હાસ્યનું કેન્દ્ર બનશે. આ જ કારણ છે કે આ શો દર્શકોમાં નોંધપાત્ર ઉત્સાહ પેદા કરી રહ્યો છે.




### હાર ન પચતાં ક્રિકેટરે છેડો ફાડ્યો હોવાની ચર્ચા

# હાર્દિક ઇન્સ્ટાગ્રામ પર રઘવાયો થયો!:સૂર્યા-તિલક અને મુંબઈના પેજને 'અનફોલો' કરી દીધું?

નવી દિલ્હી

IPL 2026માં મુંબઈ ઈન્ડિયન્સ (MI)ના શરમજનક પ્રદર્શન બાદ હવે મેદાનની બહાર પણ વિવાદ શરૂ થયો છે. રવિવારે (10 મે) રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની હાર સાથે જ પાંચ વખતની ચેમ્પિયન ટીમ પ્લેઓફની રેસમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. આ હારના ગણતરીના કલાકોમાં જ કેપ્ટન હાર્દિક પંડ્યાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર થયેલી હિલચાલથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. રોહિત, સૂર્યા અને તિલકને કર્યા અનફોલો? સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા સ્ક્રીનશોટ અને અહેવાલો મુજબ, હાર્દિક પંડ્યાએ પૂર્વ કેપ્ટન રોહિત શર્મા, સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ અને યુવા ખેલાડી તિલક વર્માને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધા હોવાની વાતો વહેતી થઈ છે. એટલું જ નહીં, હાર્દિકે મુંબઈ ઈન્ડિયન્સના સત્તાવાર પેજને પણ થોડા સમય માટે અનફોલો કર્યું હતું અને ફ્રેન્ચાઈઝીને લગતી કેટલીક જૂની પોસ્ટ્સ પણ ડિલીટ કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, થોડા





સમયમાં જ હાર્દિકે MI ના પેજને ફરી ફોલો કરી લીધું છે, પરંતુ તેના ફોલોઈંગ લિસ્ટમાં હજુ પણ રોહિત શર્માનું નામ ગાયબ છે. હાલમાં હાર્દિક 151 લોકોને ફોલો કરે છે, જેમાં વિરાટ કોહલી અને જસપ્રીત બુમરાહ સામેલ છે, પણ રોહિત નથી. વાયરલ પોસ્ટ્સ મુજબ, રાતે 11:20 વાગ્યે હાર્દિકે સૂર્યકુમાર યાદવને અને ત્યારબાદ 11:25 વાગ્યે તિલક વર્માને અનફોલો કર્યા હતા. એટલું જ નહીં, રાતે 11:30 વાગ્યે તેણે મુંબઈ ઈન્ડિયન્સના સત્તાવાર એકાઉન્ટને પણ અનફોલો કરી દીધું હતું, જોકે મોડી રાતે 12:29 વાગ્યે તેણે ફરીથી ફ્રેન્ચાઈઝીને ફોલો કરી લીધું હોવાનું કહેવાય છે. મિનિટોના અંતરે થયેલી આ કથિત ગતિવિધિઓના સ્ક્રીનશોટ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચાહકોમાં એવી ચર્ચા જાગી છે કે શું આ કોઈ ટેકનિકલ ખામી હતી કે પછી હાર બાદ ટીમમાં સર્જાયેલા કોઈ મોટા વિખવાદનો સંકેત? જોકે, આ દાવાઓની સત્યતા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. મુંબઈ ઈન્ડિયન્સનું પેજ: હાર્દિક પંડ્યા હાલમાં મુંબઈ ઈન્ડિયન્સના સત્તાવાર પેજને ફોલો કરી રહ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે કદાચ ટેકનિકલ ગ્લિચ છે અથવા ક્રિકેટરથી ભૂલમાં અનફોલો થઈ ગયું હશે. સત્તાવાર રીતે આ બાબત પર કોઈના નિવેદન સામે આવ્યા નથી.

## મુંબઈને બહાર કરી બેંગલુરુ બન્યું ટેબલ ટોપર

મુંબઈ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ IPLની વર્તમાન સિઝનની પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર આવી ગયું છે. તેણે રવિવારની બીજી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે 2 વિકેટે રોમાંચક જીત નોંધાવી. આ હાર બાદ મુંબઈ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે. રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ સ્ટેડિયમમાં છેલ્લી બોલ સુધી ચાલેલી મેચનો ટૉસ બેંગલુરુએ જીત્યો હતો.

મુંબઈએ પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટે 166 રન બનાવ્યા. 167 રનનો ટાર્ગેટ બેંગલુરુએ 8 વિકેટે હાંસલ કરી લીધો. બેંગલુરુએ અત્યાર સુધીમાં 11 મેચ રમી છે. તેમાંથી ટીમને 7માં જીત મળી છે, જ્યારે તેણે 4 મેચ ગુમાવી છે. હાલમાં, બેંગલુરુની ટીમ 14 પોઈન્ટ સાથે પોઈન્ટ્સ ટેબલમાં પ્રથમ સ્થાને છે. હૈદરાબાદ અને ગુજરાત પાસે પણ એટલા જ પોઈન્ટ છે, પરંતુ બેંગલુરુનો નેટ રન રેટ તેમના કરતા સારી છે. મુંબઈ છેલ્લી બે મેચ સૂર્યકુમાર યાદવની કપ્તાનીમાં રમી. ટીમ 11માંથી 8 મેચ હારી ચૂકી છે અને 6 પોઈન્ટ સાથે પોઈન્ટ્સ ટેબલમાં 9મા સ્થાને છે. ઈન્ડિયન્સની ટીમ પોતાની બાકીની મેચ જીતીને વધુમાં વધુ 12 પોઈન્ટ સુધી જ પહોંચી શકે છે, જે પ્લેઓફમાં પહોંચવા માટે પૂરતા નથી. આવી સ્થિતિમાં મુંબઈ વધુમાં વધુ મેચ જીતીને ફાઈનલ ટેબલમાં સારી રેન્ક મેળવવા માંગશે. પંજાબ પાસે ટોચ પર પહોંચવાની તક પંજાબ કિંગ્સના 10 મેચમાં 6 જીત અને 1 અનિર્ણિત મુકાબલા સાથે 13 પોઈન્ટ્સ છે. આજે દિલ્હીને હરાવીને ટીમ પોઈન્ટ્સ ટેબલમાં નંબર-1 પર પહોંચી શકે છે. પ્લેઓફમાં જગ્યા પાક્કી કરવા માટે ટીમને બાકીની 4 મેચમાં 2 વધુ જીત જોઈએ. દિલ્હી માટે દરેક મેચ જીતવું અત્યંત જરૂરી દિલ્હી કેપિટલ્સ 11 મેચમાં 4 જીત સાથે 8 પોઈન્ટ્સ લઈને આઠમા સ્થાને છે. ટીમને છેલ્લી 5 મેચમાં 4 હાર મળી છે. આજની હાર દિલ્હીની પ્લેઓફની આશાઓને લગભગ ખતમ કરી શકે છે.

### વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

## વિરાટે 'ચીકુ' સ્ટાઇલમાં કર્યું ધમાકેદાર સેલિબ્રેશન, જીતની ખુશીમાં કૃણાલ પંડ્યા પર લગાવી છલાંગ

મુંબઈ

બેંગલુરુએ બીજી મેચમાં મુંબઈને 2 વિકેટે હરાવ્યું. આ મુકાબલામાં વિરાટ કોહલી સતત બીજી મેચમાં ખાતું ખોલ્યા વગર આઉટ થયો. જ્યારે તિલક વર્માએ બાઉન્ડ્રી લાઈન પર કૃણાલ પંડ્યાનો શાનદાર રિલે કેચ પકડ્યો. તે પોતે ફિફ્ટી પછી સ્કૂપ રમવાના પ્રયાસમાં વિકેટ ગુમાવી બેઠો. RCBની જીત પર 'ચીકુ'નો અંદાજ, ડગ આઉટમાં કોહલીનું સેલિબ્રેશન વાયરલ મેચના છેલ્લા બોલ પર જીતની મહોર લાગતા જ ડગઆઉટમાં બેઠેલા વિરાટ કોહલીની અંદરનું 'અસલી બાળક' બહાર આવી ગયું. પોતાની ટીમની આ રોમાંચક જીત અને પોઈન્ટ્સ ટેબલમાં નંબર-1 બનવાની ખુશીમાં વિરાટે કંઈક એવું કર્યું કે સોશિયલ મીડિયા પર ચાહકો



તેમના દીવાના થઈ ગયા. જીત પાક્કી થતા જ વિરાટ ડગઆઉટમાં ઉછળી પડ્યા અને પાસે ઉભેલા કૃણાલ પંડ્યા ઉપર કૂદીને જબરદસ્ત અંદાજમાં ઉજવણી કરી. સામાન્ય રીતે ગંભીર દેખાતા વિરાટનો આ બેફિકર અંદાજ ચાહકોને જૂના 'ચીકુ'ની યાદ અપાવી ગયો. કૃણાલ પણ વિરાટની આ ખુશીમાં સામેલ દેખાયો. મુંબઈની ત્રીજી ઓવરમાં ભુવનેશ્વર કુમારે બે વિકેટ લીધી. પાંચમી બોલ પર તેણે નકલ બોલ પર રોહિત શર્માને વિકેટકીપર જીતેશ શર્માના હાથે કેચ કરાવ્યો. આગળની બોલ પર સૂર્યકુમાર યાદવને સ્લિપમાં ઉભેલા વિરાટ કોહલીએ નીચો કેચ પકડીને પેવેલિયન ભેગો કર્યો. છઠ્ઠા ઓવરમાં તિલક વર્માને જીવનદાન મળ્યું. રસિખ સલામની સ્લોઅર બોલ પર તિલકનો ટોપ એજ મિડવિકેટ તરફ ગયો.

## IPLમાં RCBના કોચને ચોથા અમ્પાયર સાથે ઝઘડવું ભારે પડ્યું

### RCBની શાનદાર જીત વચ્ચે હેડ કોચ એન્ડી ફ્લાવર પર દંડની કાર્યવાહી

મુંબઈ

IPL 2026માં રવિવારે રમાયેલા રોમાંચક મુકાબલામાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ મુંબઈ ઈન્ડિયન્સ (MI)ને હરાવીને પ્લેઓફમાં પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે. જોકે, આ જીત બાદ RCBના હેડ કોચ એન્ડી ફ્લાવર વિવાદમાં ફસાયા છે અને BCCIએ તેમની સામે કડક કાર્યવાહી કરી છે. RCBની શાનદાર જીત વચ્ચે હેડ કોચ એન્ડી ફ્લાવર પર દંડની કાર્યવાહી રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં RCBએ મુંબઈ ઈન્ડિયન્સને 2 વિકેટે પરાજય આપ્યો હતો. આ જીત સાથે RCB પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે મુંબઈ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે. મેચ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ આચાર સંહિતાના



ભંગ બદલ RCBના હેડ કોચ એન્ડી ફ્લાવર પર મેચ ફીના 15 ટકા દંડ ફટકાર્યો છે. ફ્લાવરને IPL આચાર સંહિતાના લેવલ-1 હેઠળ દોષિત માનવામાં આવ્યા છે. મેચ દરમિયાન એક વિવાદાસ્પદ નિર્ણયને લઈને એન્ડી ફ્લાવર ચોથા અમ્પાયર સાથે ઉગ્ર દલીલો કરતા જોવા મળ્યા હતા. RCBની બેટિંગના 18મા ઓવરમાં જ્યારે કૃણાલ પંડ્યાએ શોટ માર્યો ત્યારે બાઉન્ડ્રી લાઈન પર મુંબઈના ફિલ્ડરો કેચ પકડવામાં નિષ્ફળ રહ્યા હતા. રીપ્લેમાં છગ્ગો ન આપવાના નિર્ણયથી ફ્લાવર નારાજ થયા હતા અને અમ્પાયર સાથે ઝગડો કર્યો હતો.

બાદમાં તેમણે પોતાની ભૂલ સ્વીકારી લેતા મેચ રેફરી અમિત શર્માએ આ સજા જાહેર કરી હતી. આ મુકાબલો છેલ્લી ઘડી સુધી રોમાંચક રહ્યો હતો. અંતિમ ઓવરમાં RCBને જીતવા માટે 9 રનની જરૂર હતી, ત્યારે બોલર ભુવનેશ્વર કુમારે શાનદાર છગ્ગો ફટકારીને મેચ પલટી નાખી હતી. છેલ્લી બોલ પર બે રન લઈને બેટર્સે ટીમને જીત અપાવી હતી. ભુવનેશ્વર કુમારે માત્ર બેટિંગ જ નહીં પણ બોલિંગમાં પણ કમાલ કરતા 4 વિકેટ ઝડપી હતી. આ શાનદાર પ્રદર્શન બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો અને તે હાલમાં પર્પલ કેપની રેસમાં પણ સૌથી આગળ છે. પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ માટે આ સીઝન અત્યંત નિરાશાજનક રહી છે. આ હાર સાથે જ ટીમ હવે સત્તાવાર રીતે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. બીજી તરફ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર 11 મેચોમાં 14 પોઈન્ટ સાથે ટેબલમાં પ્રથમ ક્રમે પહોંચી છે. એન્ડી ફ્લાવર પર લાગેલા દંડ છતાં, ટીમનું મનોબળ અત્યારે સાતમા આસમાને છે અને તેઓ પ્લેઓફમાં ટ્રોફી જીતવા માટે મજબૂત દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે.



### એક વર્ષ સોનું ન ખરીદવા મોદીએ કહ્યું હતુ, માગ 10% સુધી ઘટી શકે છે

# PM મોદીની અપીલ બાદ જ્વેલરીના શેર 10% તૂટ્યા

મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક નિવેદન બાદ આજે 11 મેના રોજ જ્વેલરી કંપનીઓના શેર 10% સુધી ગગડી ગયા. પીએમ મોદીએ હૈદરાબાદમાં એક કાર્યક્રમ દરમિયાન નાગરિકોને અપીલ કરી છે કે તેઓ એક વર્ષ સુધી સોનું ન ખરીદે. આ નિવેદન બાદ રોકાણકારોમાં ગભરાટ છે. કલ્યાણ જ્વેલર્સ અને સેન્કો ગોલ્ડના શેર 10-10% સુધી તૂટી ગયા. જ્યારે, દેશની સૌથી મોટી જ્વેલરી કંપની ટાઈટનના શેરમાં 7%નો ઘટાડો થયો છે. આ ઉપરાંત પીએન ગાડગિલ 8%, થંગમયિલ જ્વેલરી 6% અને અન્ય નાના જ્વેલરી શેરોમાં પણ નબળાઈ જોવા મળી છે. પીએમ મોદીએ શા માટે આવી અપીલ કરી? સૌથી પહેલા સોમવારે તમામ જ્વેલરી સ્ટોક્સમાં આવેલા ઘટાડા



વિશે જણાવીએ તો Titan Share ખુલતાની સાથે જ તેના અગાઉના બંધ ભાવ 4517 રૂપિયાથી ઘટીને 4350 રૂપિયા પર ખુલ્યો અને પછી જોતજોતામાં 7 ટકાથી વધુનો ઘટાડો લઈને 4150 રૂપિયાના સ્તરે આવી ગયો. આ મોટા ઘટાડાને કારણે ટાટા ગ્રુપની કંપનીની માર્કેટ વેલ્યુ પણ ઘટીને 3.75 લાખ કરોડ રૂપિયા પર આવી ગઈ. ટાઈટન સિવાયની અન્ય જ્વેલરી કંપનીઓના શેરોની વાત કરીએ તો, સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે લગભગ તમામમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્કો ગોલ્ડ શેર તો ઓપનિંગ સાથે જ 10% તૂટી ગયો. આ ઉપરાંત કલ્યાણ જ્વેલર્સ શેરમાં 8%નો ઘટાડો નોંધાયો. પીસી જ્વેલર શેર કારોબાર દરમિયાન 5 ટકા સુધી ગગડી ગયો. તો ગોલ્ડિયમ શેર પણ 5 ટકાથી વધુ ગગડીને 408 રૂપિયાના સ્તરે આવી ગયો. સેન્કો ગોલ્ડના સુવંકર સેને CNBC સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનની ટિપ્પણી પછી એવી સંભાવના વધી ગઈ છે કે સરકાર સોના પર ઈમ્પોર્ટ ડ્યુટી વધારી શકે છે. જો આવું થાય છે, તો સોનાની માગમાં 10% થી 12% સુધીનો ઘટાડો આવી શકે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે જ્વેલરી એસોસિએશનના પ્રતિનિધિઓ મંગળવારે વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

### GDP ગ્રોથના અંદાજમાં 0.6% નો ઘટાડો

# GDP અંગે માઠા સમાચાર, યુદ્ધને કારણે શું ભારતમાં મોંઘવારીનો બોમ્બ ફૂટશે?

મુંબઈ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને અમેરિકા-ઈરાન સંઘર્ષની સીધી અસર હવે ભારતીય અર્થતંત્ર પર પડવા જઈ રહી છે. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ ભારતના જીડીપી (GDP) ગ્રોથના અંદાજમાં મોટો ઘટાડો કર્યો છે. એડીબીના મતે, આ સંકટને કારણે ક્રૂડ તેલની વધતી કિંમતો ભારત માટે મોટો પડકાર સાબિત થશે. ADB ના ચીફ ઈકોનોમિસ્ટ અલ્બર્ટ પાર્કના જણાવ્યા અનુસાર, મિડલ ઈસ્ટ સંકટને કારણે સપ્લાય ચેઈનમાં અવરોધ ઉભો થયો છે. આ કારણોસર ભારતનો જીડીપી ગ્રોથ રેટ 6.9% થી ઘટીને 6.3% પર આવી શકે છે. અગાઉ એવો અંદાજ હતો કે, આગામી નાણાકીય વર્ષમાં ગ્રોથ 7.3% રહેશે, પરંતુ હાલમાં તેમાં 0.6% નો સીધો ઘટાડો જોવા મળી રહ્યો છે. ક્રૂડ તેલની કિંમતો વધવાથી માત્ર વિકાસ દર જ નહીં, પણ




સામાન્ય જનતાના ખિસ્સા પર પણ ભાર વધશે. પહેલા મોંઘવારી દર 4.5% રહેવાનો અંદાજ હતો, જે હવે વધીને 6.9% થઈ શકે છે. એટલે કે મોંઘવારીમાં 2.4% નો સીધો ઉછાળો આવી શકે છે. વર્ષ 2026 માટે ક્રૂડ તેલની સરેરાશ કિંમત 96 ડોલર પ્રતિ બેરલ રહેવાની શક્યતા છે, જે અગાઉના અંદાજ કરતા ઘણી વધારે છે. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું તેલ અને ગેસ આયાત કરે છે. અલ્બર્ટ પાર્કે ચેતવણી આપી છે કે, ગેસ અને તેલ મોંઘા થવાથી ફર્ટિલાઈઝર (ખાતર) ના ભાવ વધશે. મોંઘા ખાતરને કારણે ખેડૂતો તેનો વપરાશ ઘટાડશે, જેનાથી પાકનું ઉત્પાદન ઘટશે. આની સીધી અસર વર્ષના અંતે ખાદ્ય પદાર્થોની કિંમતો (Food Prices) પર જોવા મળશે, જે રસોડાનું બજેટ બગાડી શકે છે. એડીબીએ આશા વ્યક્ત કરી છે કે, આ સંકટ હળવું થયા બાદ આગામી વર્ષે ભારતનો વિકાસ ફરીથી પાટા પર આવી જશે.


### સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.124 નરમ, ચાંદીનો વાયદો રૂ.4414 તેજ

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.360નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.31954.63 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.189090.19 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 20560.74 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 36997 પોઇન્ટના સ્તરે

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.221044.93 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.31954.63 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.189090.19 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 36997 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3532.27 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 20560.74 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.152487ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.154434 અને નીચામાં રૂ.151500ના મથાળે અથડાઈ, રૂ.152530ના આગલા બંધ સામે રૂ.124 ઘટી રૂ.152406 થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.265 ઘટી રૂ.122510ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.32 ઘટી રૂ.15353ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.169 ઘટી રૂ.152298ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.152226ના ભાવે




ખૂલી, ઉપરમાં રૂ.155400 અને નીચામાં રૂ.151684ના સ્તરને સ્પર્શી, રૂ.152751ના આગલા બંધ સામે રૂ.203 ઘટી રૂ.152548 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.264535ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.266355 અને નીચામાં રૂ.260986ના મથાળે અથડાઈ, રૂ.261922ના આગલા બંધ સામે રૂ.4414 વધી રૂ.266336ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.3746 વધી રૂ.268014ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.3664 વધી રૂ.267956ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 4087.37 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.24.05 વધી રૂ.1349ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.2.8 વધી રૂ.351ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.7.1 વધી રૂ.375.5ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.1.55 વધી રૂ.201.95ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 6894.72 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4620ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4620 અને નીચામાં રૂ.4480ના સ્તરને સ્પર્શી, રૂ.50 ઘટી રૂ.4568 થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9384ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9562 અને નીચામાં રૂ.9228ના સ્તરને સ્પર્શી, રૂ.9024ના આગલા બંધ સામે રૂ.360 વધી રૂ.9384ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.358 વધી રૂ.9384 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.10.5 વધી રૂ.271.5 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.10.4 વધી રૂ.271.6ના સ્તરે પહોંચ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.987ના ભાવે ખૂલી, 10 પૈસા વધી રૂ.990.7ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2725ના ભાવે ખૂલી, રૂ.3 ઘટી રૂ.2731ના સ્તરે પહોંચ્યો હતો.

## કંપનીઓને બાયબેકની પ્રક્રિયા હવે 66 દિવસમાં પૂર્ણ કરવા સેબીનો પ્રસ્તાવ

- જો બાયબેક પ્રક્રિયા છ મહિનાથી વધુ લંબાય, તો બજારની બદલાતી પરિસ્થિતિઓમાં તેનું મહત્વ ઘટી શકે છે

મુંબઈ

બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ શેર બાયબેક પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે વધારાના પ્રસ્તાવો રજૂ કર્યા છે. નિયમનકારે પ્રાઈમરી માર્કેટ એડવાઈઝરી કમિટી સાથે ચર્ચા અને આંતરિક ચર્ચા-વિચારણા બાદ બાયબેક પ્રક્રિયા સરળ અને ઝડપી કરવા અનેક પ્રસ્તાવો મુક્યાં છે. એપ્રિલમાં સેબીએ ઓપન માર્કેટ દ્વારા સ્ટોક એક્સચેન્જ પર બાયબેક ફરી શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. નવી દરખાસ્તોમાં હવે કંપનીઓને સ્ટોક એક્સચેન્જ દ્વારા ઓપન માર્કેટ બાયબેક કરવાની મંજૂરી આપવાની માંગ કરવામાં આવી છે, જેમાં મહત્તમ ૬૬ કાર્યકારી દિવસોનો સમયમર્યાદા હશે. નિયમનકારે એવું પણ સૂચન કર્યું છે કે બાયબેક ઓફર સમયગાળાના પહેલા ભાગમાં બાયબેક રકમનો ઓછામાં ઓછો ૪૦ ટકા ઉપયોગ થવો જોઈએ. જોકે, પ્રાઈમરી માર્કેટ એડવાઈઝરી કમિટીએ બાયબેક પૂર્ણ કરવા માટે છ મહિનાની સમયમર્યાદા અને ૫૦ ટકા ફંડ યુટિલાઈઝેશનની ભલામણ કરી હતી. સેબીએ જણાવ્યું કે ફાઈનાન્સ એક્ટ ૨૦૨૬ હેઠળ કંપનીઓ માટે બે બાયબેક ઓફર વચ્ચેના અંતરાલને નિયંત્રિત કરતા નિયમોમાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સંતુલિત સિસ્ટમની જરૂર હોવાથી ૬૬ દિવસ આપવામાં આવશે. સેબીના મતે, જો બાયબેક પ્રક્રિયા છ મહિનાથી વધુ લંબાય છે, તો બજારની બદલાતી પરિસ્થિતિઓમાં તેનું મહત્વ ઘટી શકે છે. વધુમાં, લાંબી પ્રક્રિયા શેરધારકો માટે ટ્રેકિંગ મુશ્કેલ બનાવી શકે છે. વધુમાં, સેબીએ બે બાયબેક ઓફર વચ્ચેના અંતરાલને કંપની એક્ટ ૨૦૧૩ની જોગવાઈઓ સાથે સંરેખિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

### 2500 કિલો હળદર અને 1400 કિલો ટુકડા કાજુનો જથ્થો જપ્ત

# માધુપુરામાં અવિનાશ મસાલાના ગોડાઉન ઉપર AMCનો દરોડો...!





**હળદરમાં લોટની ભેળસેળ અને 84% સ્ટાર્ચ પ્રમાણ**

- જપ્ત કરાયેલા હળદરના જથ્થાને તપાસ અર્થે ફૂડ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો
- AMC દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય ચીજવસ્તુઓની ચકાસણીની ઝુંબેશ તેજ કરવામાં આવી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે 8 મેના રોજ માધુપુરા વિસ્તારમાં આવેલા અવિનાશ મસાલાના ગોડાઉન પર દરોડો પાડી અંદાજે રૂા. 9.90 લાખની કિંમતનો શંકાસ્પદ હળદર અને કાજુનો જથ્થો જપ્ત કર્યો હતો. ફૂડ લેબોરેટરીના પરીક્ષણમાં હળદરના નમૂનામાં લોટની ભેળસેળ અને 84.8% જેટલું સ્ટાર્ચનું અસામાન્ય પ્રમાણ મળી આવતા તંત્ર દ્વારા FSSAI એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ફૂડ વિભાગના અધિકારી ડો. તેજસ શાહના જણાવ્યા અનુસાર, માધુપુરામાં અરવિંદ ભુવન સામે આવેલા સુદામોમલ તનુમલના અવિનાશ મસાલા ગોડાઉનમાં તપાસ દરમિયાન વેપારી પાસે માન્ય FSSAI લાઈસન્સ ઉપલબ્ધ ન હોવાનું ખુલ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન સ્થળ પરથી અંદાજે 2500 કિલો હળદર (કિંમત રૂા. 5 લાખ) અને અંદાજે 1400 કિલો ટુકડા કાજુ (કિંમ. રૂા. 4.90 લાખ) નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

જપ્ત કરાયેલા હળદરના જથ્થાને તપાસ અર્થે ફૂડ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો, જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. શુદ્ધ સૂકી હળદરમાં કુદરતી રીતે 40%થી 60% સ્ટાર્ચ હોય છે, પરંતુ આ નમૂનામાં તે 84.8% નોંધાયું છે. હળદરના વજનમાં વધારો કરવા માટે તેમાં મોટા પાયે ઘઉંનો લોટ અને ચણાના લોટ (બેસન) નું મિશ્રણ કરવામાં આવ્યું હતું. લેબોરેટરીએ આ હળદરને ભેળસેળયુક્ત અને અત્યંત નબળી ગુણવત્તાવાળી જાહેર કરી છે. નોંધનીય છે કે જપ્ત કરાયેલા કાજુના નમૂનાનો રિપોર્ટ હાલ પેન્ડિંગ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય ચીજવસ્તુઓની ચકાસણીની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા આ વેપારી સામે કડક કાનૂની પગલાં લેવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

## જોધપુરમાં મેડિકલ એજન્સીના ગોડાઉનમાં ભીષણ આગ લાગી

### ફાયરની ટીમે આગ પર મેળવ્યો કાબુ : કારણ જાણવા FSLની મદદ લેવાશે

અમદાવાદ

અમદાવાદ શહેરના જોધપુર વિસ્તારમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આવેલા પારસ મેડિકલ એજન્સીના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી.

જાણ કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચી હતી. મેડિકલ સાધનો અને દવાઓનું ગોડાઉન હોવાના કારણે આગ વધારે ફેલાઈ હતી અને ધુમાડો થયો હતો. ધુમાડો બહાર નીકાળવા ફાયર બ્રિગેડે બારીના કાચ તોડવા પડ્યા હતા અને ઉપરની દિવાલ તોડી ધુમાડાને બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી.



મેડિકલ એજન્સીનું ગોડાઉન ધરાવનારા માલિકને આગ લાગવા બાબતે પૂછતા તેઓએ મીડિયા કર્મીઓ સાથે ગેરવર્તણૂક કરી હતી. ફાયર બ્રિગેડની ટીમને ધુમાડો બહાર કાઢવા માટે ખૂબ મહેનત કરવી પડી હતી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ હતી, પરંતુ ધુમાડો બહાર નીકળી શક્યો નહોતો જેના કારણે થઈને વાર લાગી હતી.

ડિવિઝનલ ફાયર ઓફિસર એસ.બી.જાડેજાએ જણાવ્યું હતું કે ફાયરબ્રિગેડના મુખ્ય કન્ટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે જોધપુર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આવેલા મેડિકલ ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની છે. આગે ખૂબ જ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પ્રહલાદનગર અને બોડકદેવ ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી. નીચેના ભાગે આવેલી ફાર્માસ્યુટિકલ એજન્સીમાંથી પણ માણસો બહાર નીકળી ગયા હતા.

જો કોમર્શિયલ પ્રકારનું હોય તો ગોડાઉનની ફાયર એનઓસી લેવી પડે જેના માટે થઈ એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે.

### બાપુનગરમાં મોબાઈલ ચોરીની શંકા રાખીને છરીથી હુમલો કરતા મામલો બિચક્યો

# બે શખસ વચ્ચે પથ્થરમારો અને લાકડીઓ વડે મારામારી, ત્રણને ઈજા




અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા બાપુનગરમાં મોબાઈલ ચોરીની શંકા રાખીને બે વ્યક્તિ વચ્ચે જાહેરમાં પથ્થરમારો અને મારામારીની ઘટનાના કારણે લોકોમાં ભય ઉભો થયો હતો. બાપુનગર વિસ્તારમાં હસનપીરની દરગાહ પાસે મોબાઈલ ગુમ થયા બાબતે બે વ્યક્તિ વચ્ચે બોલાચાલી થઈ હતી. મોહમંદ યુસુફ ઉર્ફે ટકલા રાજપુત સાથે બોલાચાલી થઈ હતી. જેમાં યુસુફે છરી કાઢી અને બે વ્યક્તિઓ પર હુમલો કરી દીધો હતો.

બીજી તરફ સામેવાળી વ્યક્તિએ પણ દંડા વડે માર માર્યો હતો. બંને વચ્ચે મારા મારી અને પથ્થર મારો સર્જાયો હતો. જેના કારણે આસપાસના સ્થાનિક લોકોમાં પણ ભય ફેલાયો હતો. બાપુનગર પોલીસે ગુનો નોંધ્યો છે, જોકે હજી સુધી આરોપીઓની પોલીસે ધરપકડ કરી નથી. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં પન્ના એસ્ટેટ પાસે મણીલાલ મથુરદાસની ચાલીમાં મોહમ્મદ આઝમ તેના પરિવાર સાથે રહે છે તેનો નાનો ભાઈ પણ તેની સાથે રહે છે. રાત્રે 11 વાગ્યાની આજુબાજુ બાપુનગર હસન પીરની દરગાહ પાસે મોહમ્મદ આઝમ ઊભો હતો ત્યારે તેના નાના ભાઈનો મોબાઈલ ફોન ગુમ થયો તો જેની શોધખોળ કરી રહ્યા હતાં. ત્યારે મોહમ્મદ યુસુફ ઉર્ફે ટકલો ત્યાં આવ્યો હતો અને ઈસ્તિયાર સાથે મોબાઈલ ગુમ થવા બાબતે પૂછપરછ કરવા જાતા યુસુફ ઉશ્કેરાઈ ગયો હતો. બંને વચ્ચે બોલાચાલી અને ગાળા ગાળી થઈ હતી. યુસુફને બોલાચાલી ન કરવા કહેતા ઉશ્કેરાઈને ગડદાપાટુનો માર માર્યો હતો અને છરી કાઢી મોહમ્મદ આઝમ પર હુમલો કર્યો હતો.

# ગુજસેલને બોમ્બથી ઉડાવવાની ધમકી આપનાર આરોપી ઝડપાયો

### એરપોર્ટ પર ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતો, સ્કૂલને ઉડાવી દેવાની ધમકી પણ આપી હતી

અમદાવાદ

અમદાવાદ એરપોર્ પર ગુજસેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપીને સાયબર ક્રાઈમે ઝડપી પાડ્યો છે. ભાવેશ પટેલ નામના યુવકે અંગત અદાવતમાં ધમકીભર્યો ઈમેઈલ કર્યો હોવાનું સામે આવ્યું છે. આરોપી પોસે કન્સ્ટ્રકશન અને એરપોર્ટ પર ઈવેન્ટ મેનેજમેન્ટના કામ સાથે સંકળાયેલો છે.




અમદાવાદ એરપોર્ટ પર આવેલા ગુજસેલને 25 માર્ચ, 2026ના રોજ ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો.જેમાં ગુજસેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.આ અંગે સાઈબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.સાઈબર ક્રાઈમે ટેકનીકલ એનાલિસિસના આધારે ધમકી ભર્યો ઈમેલ કરનાર ભાવેશ પટેલની ધરપકડ કરી છે. આરોપી પાસેથી મળેલા મોબાઈલમાંથી ઈમેલ આઈડી પણ મળી આવ્યું છે,જેમાંથી ધમકીભર્યો ઈમેલ આવ્યો હતો.ઈમેલમાં સૌરવ વિશ્વાસને છોડી દેવાની વાત કરીને ધમકી આપવામાં આવી હતી. આરોપીએ સ્કૂલને પણ ઉડાવી ધમકી આપી હતી.

આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે કન્સ્ટ્રક્શન કંપનીમાં કામ કરે છે. ઉપરાંત તેના મિત્ર સાથે મળીને એરપોર્ટ પર ઈવેન્ટ મેનેજમેન્ટનું પણ કામ કરે છે.આરોપીએ બીકોમ સુધીનો અભ્યાસ કર્યો છે.આરોપીએ અંગત અદાવતમાં ઈમેલ કર્યો હોવાનું જણાવ્યું છે.

# અમદાવાદમાં 3.30 લાખમાં મળશે 1 BHK ફ્લેટ

### ઓછી આવક ધરાવતા માટે 7825 મકાનો બનશે; 1 બેડરૂમ-હોલ સાથેની સુવિધા

અમદાવાદ

રાજ્યના સૌથી મોટા આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં હાઈરાઈઝ બિલ્ડીંગો બની રહી છે અને મકાનો મળવા હવે ખૂબ મોંઘા થઈ રહ્યા છે, ત્યારે આર્થિક રીતે નબળા લોકોને ઘરનું ઘર મળી રહે તેના માટે સરકાર દ્વારા આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત 7825 જેટલા 1 BHK ફ્લેટ બનાવવામાં આવશે. શહેરના નિકોલ, બોપલ, મોટેરા અને મકરબા વિસ્તારમાં ઓછી આવક ધરાવનારા લોકો માટે EWS આવાસ યોજનાના મકાનો બનશે. ફ્લેટોને મેન્ટેનન્સ સાથે રૂ. 3.30 લાખમાં આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.



અમદાવાદમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો પોતાના ઘરનું ઘર મેળવવા માટેનું સપનું પૂરું કરી શકે તેના માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈડબલ્યુએસ પ્રકારના મકાનો બનાવવામાં આવે છે. ખાનગી ફ્લેટોની કિંમત કરતા અડધી કિંમતમાં ખાનગી ફ્લેટ જેવી સુવિધાઓ સાથેના EWS પ્રકારના 1 BHK ફ્લેટો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકાન બનાવવામાં આવી રહ્યા છે, જેના માટેની અરજી કરવાની શરૂઆત થઈ ચૂકી છે. વાર્ષિક રૂ. 3,00,000 સુધીની કુટુંબની સંયુક્ત વાર્ષિક આવક ધરાવનારા લોકો આ મકાનો મેળવી શકશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વિવિધ વિસ્તારોમાં બનાવવામાં આવેલા મકાનો 28 ચોરસ મીટર કાર્પેટ એરિયા અને બિલ્ટઅપ એરિયા 33થી 35 ચોરસ મીટરનો છે. એક ડ્રોઈંગ રૂમ, બેડરૂમ, કિચન, કોમન ટોઈલેટની સુવિધા છે. દરેક બ્લોકમાં લિફ્ટ બનાવાઈ છે. આંગણવાડી, ગ્રીન એરિયા, બાળકોના રમતગમત માટેનો ગાર્ડન વધારે જ્યાં મકાનો હશે ત્યાં આપવામાં આવશે. વિશાળ પાર્કિંગ તેમજ ફાયર સેફ્ટીની સુવિધા સાથેનાં મકાનો છે. મોટાભાગની આવાસ યોજનાની બહાર દુકાનો આવેલી છે, જેથી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ લોકોને ઘરની બહાર જ મળી રહેશે.

આર્થિક રીતે નબળા વર્ગના લોકો જેવો ત્રણ લાખથી ઓછી આવક ધરાવે છે, તેમણે મકાન મેળવવા માટે વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ફરવાનું રહેશે. અરજદારે અરજી ફોર્મ સાથે ડિપોઝિટની રકમ રૂ. 7500 ભરવાની રહેશે. મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા 20 ટકા રકમ (અરજી સાથે ભરપાઈ કરેલ ડિપોઝિટ બાદ કરતાં બાકીની રકમ) 'ડ્રો'માં સફળ થયા બાદ AMC જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં અચૂકપણે ભરવાની રહેશે.

### યુવતીઓને બ્લેકમેઈલ કરી લાખો પડાવ્યા

# ગ્રેજ્યુએશન બાદ નોકરી ના મળે એટલે રજનીશ ભાર્ગવ કિન્નર ગુરુમા બન્યો...!

અમદાવાદ

શહેરમાં સાયબર ક્રાઈમનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ પણ યોગ્ય નોકરી ન મળતા, ટૂંકા રસ્તે નાણાં કમાવવા માટે એક યુવકે તેના મિત્રો સાથે મળીને સોશિયલ મીડિયા પર ઠગાઈનું આખું નેટવર્ક ઉભું કર્યું હતું. આરોપીઓ યુવતીઓને તાંત્રિક વિધિના નામે જાળમાં ફસાવી તેમના ફોટા મેળવતા અને ત્યારબાદ એઆઈ (AI) ટેકનોલોજીની મદદથી વાંધાજનક ડીપફેક વીડિયો બનાવી લાખો રૂપિયા પડાવતા હતા.

મુખ્ય આરોપી રજનીશ ભાર્ગવે ઈન્સ્ટાગ્રામ પર 'કિન્નર પૂજા ગુરૂમાં' તેમજ અન્ય નામે નકલી પ્રોફાઈલ બનાવી હતી. આ પેજ દ્વારા તે લોકોની પારિવારિક કે અંગત સમસ્યાઓનું તાંત્રિક વિધિથી સમાધાન કરવાની લાલચ આપતો હતો. ખાસ કરીને મુશ્કેલીમાં મુકાયેલી યુવતીઓ જ્યારે તેનો સંપર્ક કરતી, ત્યારે વિધિ કરવાના બહાને તેમની પાસેથી ફોટોગ્રાફ્સ મંગાવવામાં આવતા હતા.



પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, એકવાર યુવતીના ફોટા મળી જાય એટલે રજનીશ અને તેના મિત્રો વિકાસ ભાર્ગવ તથા રવિ ભાર્ગવ આધુનિક એઆઈ એપ્લિકેશનનો ઉપયોગ કરી તે ફોટામાંથી વાંધાજનક ડીપફેક વીડિયો તૈયાર કરતા હતા. ત્યારબાદ આ વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને યુવતીઓ પાસેથી 50 હજાર રૂપિયાથી લઈને 2 લાખ સુધીની રકમ પડાવતા હતા.

આરોપી રજનીશ ભાર્ગવની પૂછપરછમાં સામે આવ્યું કે, ગ્રેજ્યુએશન બાદ બેરોજગાર રજનીશ એકવાર તેના કર્મકાંડી મિત્રની ઓફિસે બેઠો હતો. ત્યાં સોશિયલ મીડિયા પર જાહેરાત આપી વિધિના નામે ફી લેતા જોઈ તેને આ ઠગાઈનો વિચાર આવ્યો હતો. શરૂઆતમાં તે માત્ર વિધિના નામે 500-1000 રૂપિયા લેતો હતો, પરંતુ વધુ નાણાંની લાલચમાં તેણે બ્લેકમેઈલિંગનો રસ્તો અપનાવ્યો.

અમદાવાદની એક યુવતીની ફરિયાદના આધારે સાયબર ક્રાઈમે તપાસ હાથ ધરી આ ટોળકીને ઝડપી પાડી છે. પોલીસને આરોપીઓ પાસેથી મોટી સંખ્યામાં યુવતીઓના ફોટોગ્રાફ્સ, એઆઈ દ્વારા તૈયાર કરાયેલા વાંધાજનક ડીપફેક વીડિયો અને ઠગાઈમાં વપરાયેલા મોબાઈલ અને અન્ય સાધનો મળી આવ્યા છે. સાયબર પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ ટોળકીએ અત્યાર સુધીમાં અન્ય કેટલી યુવતીઓને શિકાર બનાવી છે અને આ નેટવર્ક કેટલું મોટું છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI